જુલાઈ ૨૦૨૦

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૫




જ્ઞાની પુરુષ તો પારદર્શક કહેવાય. એ તો અરીસો છે. જ્ઞાની પુરુષમાં બધા જ પ્રગટ થયા હોય.
એ અરીસામાં નાનક સાહેબ જુએ તો નાનક દેખાય. કૃષ્ણને જુએ તો કૃષ્ણ દેખાય.
જેને જે ભગવાન જોઈતા હોય તે જ્ઞાની પુરુષમાં દેખાય.
તેમનામાં ખુદાય દેખાય, મહાવીરેય દેખાય. જેને જે દૃષ્ટિએ જોવું હોય તેવું દેખાય.

## અડાલજ : ઓનલાઈન હિન્દી શિબિર : તા.૨૮ થી ૩૦ મે



## અડાલજ : ઓનલાઈન યુથ શિબિર : તા.૬-૭ જૂન



## અડાલજ : ઓનલાઈન UK શિબિર : તા.૧૨ થી ૧૪ જૂન



વર્ષ : ૨૫, અંક : ૧૧
સળંગ અંક : ૨૯૯
**જુલાઈ ૨૦૨૦**
પાનાં : ૨૪

**Editor : Dimple Mehta**
© 2020,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## જ્ઞાની દશા, પ્યૉરિટીથી ઉપર ટ્રાન્સ્પરન્સી

**સંપાદકીય**

મોક્ષ અતિ અતિ સુલભ છે પણ 'જ્ઞાની પુરુષ'નો ભેટો થવો અતિ અતિ દુર્લભ છે ! અને તેમની સાચી ઓળખાણ પડવી એ તો અતિ અતિ દુર્લભ દુર્લભ દુર્લભ છે ! એવા મોક્ષદાતા જ્ઞાની પુરુષની જો ઓળખાણ થાય અને સાંધો મળી જાય તો મોક્ષ રોકડો હાથમાં મળી જાય ! વર્તમાન કાળમાં તરણતારણહાર જ્ઞાની પુરુષ પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) થયા, તેથી અક્રમ વિજ્ઞાન દ્વારા મોક્ષ રોકડો પ્રાપ્ત થયો છે.

આવા જ્ઞાની પુરુષના પ્યૉર ચારિત્રની આંતરિક દશા કેવી હોય ? દાદાશ્રી કહેતા હતા કે અમારે આ જગતમાં કોઈ ચીજ જોઈતી નથી. અમારામાં ક્રોધ-માન-માયા-લોભ ના હોય. એમની સંપૂર્ણ રાગ-દ્વેષ રહિત સ્થિતિ હોય. તેઓ કરવું-ના કરવાથી પર હોય. નિરંતર વર્તમાનમાં જ વર્તે, સંપૂર્ણ અપ્રયત્ન દશામાં હોય, પોતાપણું નહીં તેથી કુદરત રાખે તેમ રહે. કોઈ જાતની ડખોડખલ નહીં. તેઓ બાળક જેવા નિર્દોષ હોય. બુદ્ધિ-અહંકાર વગરની દશા અહીં એમનામાં જોવા મળે. કોઈપણ સંજોગ એમને બાધક ના હોય કે કોઈપણ સંજોગોથી તેઓ ના બંધાય. જ્યાં કોઈ માન-લક્ષ્મી-કીર્તિ-વિષયની ભીખ ના હોય, ત્યાં સંપૂર્ણ પ્યૉરિટી હોય. તેથી જ નિરંતર સ્વતંત્રતાની ખુમારી હોય.

પ્રસ્તુત અંકમાં દાદાશ્રી પુદ્ગલની પ્યૉરિટીના ફોડ પાડતા કહે છે કે પ્યૉરિટી એટલે શું ? કોઈ પરમાણુમાં રાગ-દ્વેષ ના હોય, ક્રોધ-માન-માયા-લોભ ખલાસ થાય એટલે પ્યૉરિટી આવે. વિષય-કષાય પર આખું જગત ઊભું રહ્યું છે, એ વિષય-કષાય રહિત સ્થિતિ થાય તો પ્યૉરિટી આવે.

હવે આવી પ્યૉરિટી ક્યારે આવે ? જેમ જેમ જ્ઞાનીના આશયો સમજે, એમના પરિચયમાં આવે, ઓળખાણ પડે, તેમ તેમ આપણને એમનું શુદ્ધ-પ્યૉર ચારિત્ર સમજાય. મહાત્માઓ માટે પ્યૉરિટી એટલે ડિસ્ચાર્જ કષાય એટલે કે ક્રોધ-માન-માયા-લોભ ઓગાળવાની પ્રોસેસ. અંતિમ ધ્યેયમાં તો પોતાના મૂળ સ્વરૂપને ઓળખી કષાય-વિષય ખલાસ થતાં પ્યૉરિટી આવશે ને એથી આગળ ડિસ્ચાર્જ અહંકાર-બુદ્ધિ ખલાસ થતાં પ્યૉરિટી વધતા વધતા ટ્રાન્સ્પરન્સી આવશે.

જ્ઞાનીની પ્યૉરિટીથી ઉપર ટ્રાન્સ્પરન્સીવાળી દશા લક્ષમાં રાખી મહાત્માઓએ ત્યાં સુધી પહોંચવાનો ધ્યેય રાખવાનો છે અને જાગૃતિપૂર્વક પુરુષાર્થ કરવાનો છે જેથી પ્યૉરિટી વધે અને છેવટે ટ્રાન્સ્પરન્સી સુધી આ ભવમાં પહોંચાય. હવે મહાત્માઓએ જ્ઞાની પુરુષનો ભેટો થયા પછી એક પળ ગુમાવવા જેવી નથી. કારણ કે આવો અવસર ફરી ફરી નહીં આવે. આ ભવે જ કલ્યાણ અર્થે પ્યૉર થવાના પુરુષાર્થની શ્રેણીઓ મંડાય એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# જ્ઞાની દશા, પ્યૉરિટીથી ઉપર ટ્રાન્સ્પરન્સી

## ચોખ્ખી દાનત ને પ્રામાણિકતાથી પ્રગતિ

**પ્રશ્નકર્તા :** આત્માની પ્રગતિ માટે શું કરતા રહેવું જોઈએ ?

**દાદાશ્રી :** એણે પ્રામાણિકતાની નિષ્ઠા ઉપર ચાલવું જોઈએ. એ નિષ્ઠા બહુ સંકડાશમાં આવી જાય છે ત્યારે આત્મશક્તિનો આવિર્ભાવ થાય. પ્રામાણિકપણું એક જ રસ્તો છે.

બાકી ભક્તિથી થાય એવું કશું બને નહીં. પ્રામાણિકપણું ના હોય અને ભક્તિ કરીએ એનો અર્થ નથી. પ્રામાણિકપણું જોડે જોઈએ જ. પ્રામાણિકપણાથી માણસ ફરી માણસના અવતારમાં આવે છે અને જે લોકો ભેળસેળ કરે છે, જે લોકો અણહક્કનું પડાવી લે છે, અણહક્કનું ભોગવી લે છે, એ બધા અહીંથી બે પગમાંથી ચાર પગમાં જાય છે ને પૂંછડું વધારાનું મળે છે. એમાં કોઈ મીનમેખ ફેરફાર કરનારું નથી.

બધે પ્રામાણિકપણું હોવું જોઈએ. આમ કેટલા કાળથી પ્રામાણિક જીવન જીવ્યા ? કોઈ પણ માણસ પ્રામાણિક જીવન જીવે છે, નૈતિક જીવન જીવે છે, ત્યાં ચોવીસેય તીર્થંકરોનો વાસ છે. એટલે આટલું શરૂ કરી દે તો બહુ થઈ ગયું.

જેનું અંદર જેટલું ચોખ્ખું, એટલા બહાર સંજોગો પાંસરા ! મહીં મેલું, તેટલું બહાર સંયોગ બગડે.

દાનત ચોખ્ખી હોય તો સંસારી કામ પૂર્ણ થાય ને અધ્યાત્મનું કામ પણ પૂર્ણ થાય. દાનત સારી, એ બધી ક્લીયર રેલ્વે લાઈન ! અને દાનત ચોખ્ખી નહીં, એનું ઠેકાણું જ ના પડે. એ ગાડી કયે ગામ જશે એ કહેવાય જ નહીં ! દાનત ચોખ્ખી ના હોય તો ભલીવાર જ ના આવે. દાનત ચોખ્ખી એટલે કમ્પ્લીટ (સંપૂર્ણ) મોરાલિટી સહિત સિન્સિયારિટી. એની વાત જ જુદી ને ! દાનત ચોખ્ખી હોય તો આ દુનિયામાં કોઈ ચીજ અઘરી નથી.

## શુદ્ધ વિજ્ઞાનથી મુક્તિ

**પ્રશ્નકર્તા :** મોક્ષમાં જવાની ભાવના છે પણ એ કેડીમાં ખામી છે તો શું કરવું ?

**દાદાશ્રી :** શેની ખામી છે ?

**પ્રશ્નકર્તા :** કર્મો છે ને ? કર્મ તો કર્યા જ કરીએ છીએ.

**દાદાશ્રી :** કર્મ શેનાથી બંધાય એવું આપણે જાણવું જોઈએ ને ! શુભ ભાવેય ના કરે ને અશુભ ભાવેય ના કરે, તેને કર્મ બંધાય નહીં. શુદ્ધ ભાવ હોય તેને કર્મ ના બંધાય. અશુભ ભાવથી પાપ બંધાય ને શુભ ભાવથી પુણ્ય બંધાય. પુણ્યનું ફળ મીઠું આવે અને પાપનું ફળ કડવું આવે. ગાળો ભાંડે ત્યારે મોઢું કડવું થઈ જાય છે ને ? ફૂલહાર ચઢાવે તે ઘડીએ ? મીઠું લાગે. શુભનું ફળ મીઠું ને અશુભનું ફળ કડવું અને શુદ્ધનું ફળ મોક્ષ !

**પ્રશ્નકર્તા :** જીવ મુક્તિ ક્યારે પામે ?

**દાદાશ્રી :** શુદ્ધ થાય તો મુક્તિ પામે. શુદ્ધતાને કશું અડે જ નહીં, શુભને અડે. આ (અક્રમ માર્ગ) શુભનો માર્ગ જ નથી, આ શુદ્ધનો માર્ગ છે. એટલે નિર્લેપ માર્ગ છે.

આ 'વિજ્ઞાન' છે ! 'વિજ્ઞાન' એટલે બધી રીતે મુક્ત કરાવડાવે. જો શુદ્ધ થયો તો કશું અડે નહીં અને શુભ છે તો અશુભ અડશે. એટલે શુભવાળાને શુભ રસ્તો લેવો પડે. એટલે શુભમાર્ગી જે કરતા હોય તે બરાબર છે, પણ આ તો શુદ્ધનો માર્ગ ! શુદ્ધ ઉપયોગી બધા ! એટલે બીજી કશી ભાંજગડ જ નહીં.

## શુદ્ધતા લાવવા ખપે જ્ઞાનીકૃપા

**પ્રશ્નકર્તા :** શુદ્ધતા લાવવા શું કરવું ?

**દાદાશ્રી :** કરવા જશો તો કર્મ બંધાશે. 'અહીં' કહેવાનું કે અમારે આ જોઈએ છે. કરવાથી કર્મ બંધાય છે. જે જે કરશો, શુભ કરશો તો શુભના કર્મ બંધાશે, અશુભ કરશો તો અશુભના બંધાશે અને શુદ્ધમાં તો કશું જ નથી. જ્ઞાન એની મેળે જ ક્રિયાકારી છે, પોતાને કશું કરવું ના પડે.

પોતે મહાવીર ભગવાન જેવો જ આત્મા છે પણ ભાન થયું નથી ને! આ 'અક્રમ વિજ્ઞાન'થી એ ભાન થાય છે. પછી ચિંતા બંધ થઈ જાય ને મુક્ત થઈ જવાય ! આ જ્ઞાનથી સંપૂર્ણ જાગૃતિ ઉત્પન્ન થાય છે. આ 'કેવળજ્ઞાન' વિજ્ઞાન છે, જેવું તેવું નથી. એટલે આપણું કામ નીકળી જાય.

**પ્રશ્નકર્તા :** આપ જેટલા 'જ્ઞાની' છો, તેટલું જ્ઞાન મેળવવા શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** અમારી પાસે બેસવું. અમારી કૃપા પ્રાપ્ત કરવી. બસ, બીજું કશું કરવાનું નથી. 'જ્ઞાની'ની કૃપાથી જ બધું થાય. કૃપાથી 'કેવળજ્ઞાન' થાય. કરવા જશો તો તો કર્મ બંધાશે, કારણ કે 'તમે કોણ છો' એ નક્કી થયેલું નથી. 'તમે કોણ છો' એ નક્કી થાય તો કર્તા નક્કી થાય. મોક્ષ તો જ્યાં સુધી શુદ્ધતા ઉત્પન્ન ના થાય ત્યાં સુધી ના થાય. શુદ્ધતા માટે 'હું કોણ છું' એનું ભાન થવું જોઈએ.

## અક્રમમાં ન જુએ બાહ્યાચાર

આ ક્રમિક માર્ગ શું કહે છે કે બાહ્યાચાર પલટાય, પછી ભાવ પલટાય તો છૂટે એવું છે. તમે ઘેર રહીને ક્યારે સર્વાંશ થઈ રહો ને ક્યારે તમારા બાહ્યાચાર પલટાય ? ત્યાં શી રીતે બાહ્યાચાર પલટાય ? એટલે આ માર્ગ બિલકુલ અક્રમ છે અને સાયન્ટિફિક (વૈજ્ઞાનિક) છે અને ઓછી મહેનતે કામ થાય એવું છે ! અમારા જ્ઞાનમાં જોયું છે કે બાહ્યાચાર એ ન્યુટ્રલ (તટસ્થ) વસ્તુ છે. એ અમારા જ્ઞાનમાં જોયા પછી આ માર્ગ મૂક્યો છે અને તે આ ભગવાનની આજ્ઞા લઈને મૂક્યો છે. એટલે બાહ્યાચાર ઊડાડી દીધો અમે. અંતરાચાર શરૂ થઈ જાય છે, જે એની મેળે જ ફેલાતો ફેલાતો બહાર આવીને ઊભો રહેશે. ક્રમિક માર્ગમાં બહારથી અંદર જવાનું અને આ અક્રમ માર્ગમાં અંદરથી ચોખ્ખું થતું થતું બહાર આવવાનું. એટલે બાહ્યાચાર જોવાનો નહીં. બાહ્યાચાર બદલાય નહીં. કારણ કે પ્રકૃતિગુણ છે ને !

પેલું બહારનું ચોખ્ખું કરીને અંદર જવાનું હતું. તે બહારનું ચોખ્ખું થાય નહીં ને દહાડો વળે નહીં. એથી તો અનંત અવતાર ભટક ભટક કરે. આ અંદરથી ચોખ્ખું કરીને બહાર આવવાનું છે. તે સહેલું, તે એની મેળે જ ચોખ્ખું થયા કરે બહાર. તમારે કશું કરવું ના પડે, એની મેળે જ થયા કરે. આત્મા પોતાના સ્વભાવમાં, જ્ઞાતા-દ્રષ્ટામાં આવે એ ખરું ચારિત્ર ! એ ચારિત્ર વિના મોક્ષ નથી.

આ તો અક્રમ જ્ઞાનાવતાર છે ! એક કલાકમાં અમે તમને ભગવાનપદ આપી શકીએ તેમ છીએ ! પણ તમારી સંપૂર્ણ તૈયારી જોઈએ.

## 'અક્રમ વિજ્ઞાન' એ અંદરથી કરે ચોખ્ખું

**પ્રશ્નકર્તા :** આ (જ્ઞાની પુરુષ) તો (જ્ઞાનનો) વરસાદ બધે સરખો વરસાવે છે, પણ મારો લીમડો હોય અને બીજાને આંબો હોય તો, બીજમાં ફેર પડી જાય ને? પછી સરખું પરિણામ કેવી રીતે પામે?

**દાદાશ્રી :** આપણે અહીં તો બીજનો વાંધો નથી. અહીં આગળ તો તમારે વિનયપૂર્વક મને કહેવું કે 'સાહેબ, મારું કલ્યાણ કરો.' અહીં પરમ વિનયથી મોક્ષ છે.

આ પાંચમા આરાનો પૌદ્‌ગલિક સડો છે, આ કોઈ દહાડો 'રિપેર' (સમું) થાય નહીં. આમથી રિપેર કરો તો તેમથી તૂટશે ને તેમથી 'રિપેર' કરો તો આમથી તૂટશે. એના કરતાં 'અક્રમ વિજ્ઞાન' એ અંદરથી ચોખ્ખું કરી નાખે અને તમને છૂટા રાખે !

## શુદ્ધાત્મા દૃષ્ટિએ મહીંલું ચોખ્ખું થાય

પુદ્‌ગલ એટલે આપણું મકાન, મેં આ રીતનો દાખલો આપ્યો, કે મકાન તેં ધોળ્યું-કર્યું, રંગરોગાન કર્યું, માટે થઈ ગયું એ શુદ્ધ. એ રીતે આ દાદાએ તમને સમજણ પાડી કે તમે શુદ્ધાત્મા છો. એટલે તારી શ્રદ્ધા ફરી. માટે શુદ્ધ થયો એ વાત ચોક્કસ. પણ હવે અંદરનું બધું ચોખ્ખું કરવાનું બાકી છે તે !

એટલે હવે તું છે તે અંદરનો આ બધો કચરો કાઢી નાખ. 'હું શુદ્ધ છું.' રોજ અંગૂઠા આગળ બોલે છે કે 'હું શુદ્ધાત્મા છું', પણ હજુ થઈ ગયા નથી. ત્યારે કહે, 'શું બાકી છે હજુ એમને?' ત્યારે કહે, 'આ ફર્નિચર નીચે બધા બાવાં ચોંટેલાં છે.' એ બધા સાફ કરી નાખ્યા. ત્યાર પછી, 'હવે હું શુદ્ધ છું.' ત્યારે કહે, 'ના, હજુ આ વાસણો છે ને, તે સાફસૂફ કરી નાખીએ તો જ સાફ કહેવાય, શુદ્ધ કહેવાય.' તો એ કરી નાખ્યા. ત્યાર પછી આપણે કહીએ, 'વાસણોમાં તો હજુ એ મહીં માટી ચોંટેલી છે.' એ બધું થઈ જાય ત્યાર પછી તમે શુદ્ધાત્મા થઈ ગયા. એટલે એ 'હું આત્મા' અને આ શુદ્ધ પુદ્‌ગલ થઈ ગયું. એટલે તમે ચોખ્ખા થઈ ગયા ને અમેય ચોખ્ખા, તો આપણે છૂટા !

## શુદ્ધ થયાની પારાશીશી

જ્યારથી એ જાણે કે શુદ્ધાત્માને (મૂળ આત્માને) અડે નહીં, ત્યારથી 'એ' ('હું') 'શુદ્ધાત્મા' થવા માંડે. પણ શુદ્ધાત્માને અડે છે, એવું જાણે છે ત્યાં સુધી જીવાત્મા રહે. હવે શુદ્ધાત્મા થયા પછી શુદ્ધાત્મા તો નિરંતર શુદ્ધ જ રહે છે, કાયમને માટે. એ પદ આપણે આજુબાજુના લોકોના આધારે જોઈ શકીએ કે ઓહોહો ! આ કોઈને દુઃખ થતું નથી, કોઈને એ થતું નથી. માટે આપણે શુદ્ધ થયા છીએ. જેટલી અશુદ્ધિ એટલી સામાને અડચણ અને પોતાને અડચણ. પોતાની અડચણ મટી જાય ક્યારે ? 'આ' જ્ઞાન મળે ત્યારે. અને પોતાનાથી સામાની અડચણ મટી જાય ત્યારે આપણે પૂર્ણ થયા.

## કચરો કાઢવા સામે જાગૃતિ

**પ્રશ્નકર્તા :** બરાબર છે, એટલે (આત્માનું જ્ઞાન મળ્યા પછી) અમારે અંદરનું જ ધ્યાન રાખવાનું.

**દાદાશ્રી :** તમારે જોતાં રહેવાનું કે આ ખરેખર શુદ્ધ કેટલું થયું ને કેટલું બાકી છે !

**પ્રશ્નકર્તા :** હવે ઝીણવટપૂર્વક બધો કચરો કાઢી નાખવાનો છે.

**દાદાશ્રી :** ઝીણવટથી કચરા નહોતા કાઢતાં, અત્યાર સુધી ?

**પ્રશ્નકર્તા :** ના, નહીં કાઢ્યો હોય.

**દાદાશ્રી :** 'નહીં કાઢ્યો હોય' કહે છે, કાઢ્યો જ નથી. મારી પાસે એકુંય શબ્દ તોલ્યા વગર નહીં રહે. કાંટો જુદી જાતનો છે ! તે કચરો તમારે કાઢવાનો કે મારે કાઢવાનો ?

**પ્રશ્નકર્તા :** તમારી કૃપાથી અમે કાઢી નાખીએ.

**દાદાશ્રી :** પણ આવું જોતાં જ રહેવાનું બધુંય. ઝીણવટથી બધું જોયા પછી મને કહો કે હું શુદ્ધ થયો હવે. જો આ બહારથી રંગરોગાનથી આટલું સુખ પડ્યું, તો બીજું જેમ જેમ અંદરનું શુદ્ધ કરો તેમ શું થાય ?

**પ્રશ્નકર્તા :** વધારે સુખ થાય.

**દાદાશ્રી :** પૂરેપૂરું સુખ, પરમાનંદ સ્થિતિ ! સમાધિમાં રહી શકે. એટલે આ બધું જોજો હવે ઝીણવટથી. મને બેસાડે ને તો આખું રામાયણ થાય એવું છે ! આખી ચોપડી થાય. આ ટૂંકમાં પાંચ મિનિટમાં તમને સમજાવી દીધું.

**પ્રશ્નકર્તા :** હજી આવી ઝીણી દૃષ્ટિ મળે કે ના મળે ?

**દાદાશ્રી :** આ હમણે બોલ્યા એટલે થવાની જ ઝીણી દૃષ્ટિ.

## જોયા કરો જાતની ભૂલો સદા

**પ્રશ્નકર્તા :** દાદા, તમે ખરેખર જાગૃત કરી દીધા.

**દાદાશ્રી :** હા, એ જાગૃત થયા પણ આ લખી લેજો બધું અને રોજ વાંચવામાં રાખજો. હજુ વાસણો રહી ગયા, ફલાણું રહી ગયું.

**પ્રશ્નકર્તા :** હવે ઝીણવટપૂર્વક જોઈશું.

**દાદાશ્રી :** હા, તે આપણે સાફ નહીં કરવાનું, આપણે તો ઓર્ડર કરવાનો છે. 'ચંદુભાઈ* પેલું રહી ગયું, હવે પેલું કરો. એ ચંદુભાઈ, પેલું રહી ગયું કરો. આ મકાન બહારથી એકલું ધોળાવી દો તો ચાલે નહીં.' એટલે તમારે કહેવાનું. તમારે ચંદુભાઈને ઓર્ડર કરવાનો કે 'આ કઈ જાતનું? બહાર ધોળાવ્યું, રંગરોગાન કર્યો માટે કંઈ થઈ ગયું ? હજુ તો આ પૂંજો-બૂંજો કાઢી નાખો ને !' 'એય ચંદુભાઈ, શું કરો છો ?' કહીએ હવે. એટલે આવી રીતે તમારે ચંદુભાઈ પાસે કરાવવું. એટલે જેમ જેમ કહેતાં જઈશું ને જેટલું ચોખ્ખું થયું, એમ તમે પણ ચોખ્ખા થતા ગયા. હું કહું એ સાયન્સમાં ભૂલ નથી ને ?

**પ્રશ્નકર્તા :** જરાય નહીં, દાદા.

**દાદાશ્રી :** ફર્નિચર ચોખ્ખું થઈ જાય. વાસણોયે ગંધાતાં એ ચોખ્ખા થાય. બધું જોતાં જોતાં જઈએ ને ત્યારે ખબર પડે પછી. પણ આ તો ફર્નિચર ચોખ્ખું થઈ ગયું એટલે પછી જઈને સૂઈ ગયો. કહે, 'હવે આરામ કરું.' એમાં ભલીવાર ન આવે. એટલે અમે ઘણું સમજાવીએ, પણ સમજે નહીં ને !

આખો દહાડો આપણે જીવ જ એમાં રાખવાનો ફક્ત કે ચંદુભાઈ શું કરે છે ? ચંદુભાઈને આપણે કહ્યા કરીએ, તેને ચંદુભાઈ શું કરે છે, એ 'જોવું' ને એ ના કરે તો આપણે કહેવું, 'હજુ આ વાસણો રહી ગયા. હજુ આ ફલાણું રહી ગયું.' એક પૂરું કરે એટલે પછી તરત બીજું દેખાડવું. એટલે એ ચંદુભાઈની ભૂલો તમને દેખાય અને તમારે ચંદુભાઈને કહેવું કે 'આ ભૂલો કરો છો, પણ હવે સુધારી લો.' તો એનું સીધું થશે, નહીં તો સીધું થાય નહીં.

## ઉપયોગ ચૂકાવે એ કચરો

**પ્રશ્નકર્તા :** હવે એ કચરો એટલે કયો કચરો ?

**દાદાશ્રી :** બધો કચરો જ પડેલો છે. જે આપણને મૂળ વસ્તુ પર 'હું આત્મા છું' એ ઉપયોગ નથી રાખવા દેતો એ કચરો જ છે બધો.

**પ્રશ્નકર્તા :** કચરો એટલે એ મન-વચન-કાયા-ચિત્ત-બુદ્ધિ-અહંકાર જ ને ?

**દાદાશ્રી :** એ અહંકાર-મન-વચન-કાયા બધુંય છે તે એકનું એક જ છે. હા, એક જ વસ્તુના બનેલા છે. પણ એમાં થોડું મિક્ષ્ચર આપણું, પાવર પેસી ગયો છે આત્માનો. ફક્ત પાવર એકલો જ ! જેમ સેલ એક જ વસ્તુનો બનેલો છે, એમાં બહારનો પાવર પેસી ગયો છે, એટલે લાઈટ આપે છે. પાવર નીકળી જાય એટલે કશું છે નહીં. એકનું એક જ છે.

**પ્રશ્નકર્તા :** એટલે જે શુદ્ધ ઉપયોગ નથી રહેવા દેતું, એ બધી જ વસ્તુઓ કચરો ?

**દાદાશ્રી :** હા. એટલે ક્યાં સુધી હું દેખાડ દેખાડ કરું, હવે તમારે જોવાનું રહ્યું. વાસણો સોડે (દુર્ગંધવાળા)ને, તે ઉબાહવાળા (ફૂગ ચઢેલા) સોડે છે. એ સોડે, એવા વાસણમાં ખવાય ? એ શુદ્ધ ત્યાં સુધી કરવાનું. એટલે એક ફેરો પૂરું શુદ્ધ કરી નાખો. ક્યાં સુધી હું તમને કહે કહે કરું તે ?

**પ્રશ્નકર્તા :** નહીં, દાદા. અમે લખી લીધું કે ઘરમાંથી ઝીણવટપૂર્વક બધો કચરો કાઢી નાખવાનો છે.

**દાદાશ્રી :** આ ઝીણી વાતમાં તમારું મગજ પહોંચે નહીં, એવી વાત સમજો છો ને ? જાણો છો

*ચંદુલાલની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

ને આવી ઝીણી વાતોમાં ? એ જ્ઞાનીનું કામ છે ને ! એટલે એ લખી લેવા જેવું. પછી તમારું કામ કરશે બધું ! ભૂલાય નહીં એમ કહ્યું હતું. લખી લીધું હોય તો પછી રોજ વાંચીએ ને, તો જાગૃતિ રહે કે હવે શું શું રહ્યું એ તપાસ કરો આપણે. તપાસ કરીએ તો જડે પાછું. મહીંથી ભગવાને કહ્યું કે કહી દો બધાને. પછી જવાબદારી ક્યાં સુધી રાખશો ?

હું કંઈ દેખાડવા નહીં આવું, તમારે જ દેખાડવાનું. હવે ફરી કહેવું નહીં પડે ને મારે ? હવે મારે કહેવા આવવું ના પડે. તમારે જ કહેવાનું, 'ચંદુભાઈ આમ કર, આમ કર.' આ કચરો તમને રેગ્યુલર રહેવા ના દે. એટલે ઘરમાં કચરો છે એટલે 'આપણે' 'એને' કહી દેવાનું કે 'ચંદુભાઈ, જો કચરો છે હજુ.' ત્યારે ચંદુભાઈ કહેશે, 'તમે શુદ્ધ થયે મને શું ફાયદો ?' તો કહે, 'અમે શુદ્ધ થઈએ તો તારું ઠેકાણું પડી જ જશે એ ચોક્કસ, એની ગેરન્ટી !'

**પ્રશ્નકર્તા :** શુદ્ધ તો આપણે ચંદુભાઈને જ કરવાનો છે ને ?

**દાદાશ્રી :** હંઅ. 'આપણે' તો શુદ્ધ છીએ જ. આપણે શુદ્ધાત્મા છીએ જ. હવે ચંદુભાઈ શું કહે છે કે 'હુંય શુદ્ધ થઈ ગયો છું.' ત્યારે કહે, 'ના, હજુ તો બહારથી બધું ધોવાઈ ગયું છે, પણ હજુ તો મહીં છે તે બધો કચરો પડ્યો છે. એને વાળી નાખો તો શુદ્ધ થઈ જશો !'

આંતર પ્યૉરિટી તે જ બાહ્ય પ્યૉરિટી લાવે. અંતરમાંથી જ બહાર આવે.

## પરમાણુમાં રાગ-દ્વેષ નહીં ત્યાં જ પ્યૉરિટી

**પ્રશ્નકર્તા :** દાદા, પ્યૉરિટી એટલે શું ?

**દાદાશ્રી :** કોઈ પરમાણુમાં રાગ ના હોય, રાગ-દ્વેષ ના હોય, પ્યૉર હોય.

**પ્રશ્નકર્તા :** પ્યૉરિટીની શરૂઆત કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** આ શરૂઆત જ છે ને ! તમને પોતાને લાગે કે પ્યૉરિટી થાય છે ?

**પ્રશ્નકર્તા :** થાય છે એવું લાગે. એટલે દાદા પ્રત્યે જેટલી સિન્સિયારિટી એનું પરિણામ પ્યૉરિટી આવે ?

**દાદાશ્રી :** પ્યૉરને સંભારીએ તો પ્યૉર આવે અને ઈમ્પ્યૉરને સંભારીએ તો ઈમ્પ્યૉર થાય.

**પ્રશ્નકર્તા :** દાદા પ્યૉર છે તે એમની ભજના કરે, એટલે એ પ્રમાણે પ્યૉર થતા જ જાય ?

**દાદાશ્રી :** તે રૂપ થતા જાય. જેની ભજના કરે ને તે રૂપ. પૉકેટમારની ભજના કરે તો પૉકેટમાર થઈ જાય. આમ ફર્સ્ટ ક્લાસ પૉકેટમાર થઈ જાય. એને શિખવાડવું ના પડે, કૉલેજ ના હોય એની. કૉલેજમાં માસ્તરોને જ એ આવડે નહીં ત્યાં !

## આંતરિક પ્યૉરિટી જ લાવે બાહ્ય પ્યૉરિટી

**પ્રશ્નકર્તા :** રાગનું એક પણ પરમાણુ ના હોય આપે કહ્યું, બહુ જ મોટી વાત છે આ તો !

**દાદાશ્રી :** હા, એ એક પરમાણુ હોય તો તો પછી એ સમ્યક્ દૃષ્ટિ કેમ હોય ? હા, ત્યારે પછી ! તમે સમ્યક્ દર્શનવાળા છો.

મેં સમ્યક્ દર્શન આપ્યું તે હંડ્રેડ પરસેન્ટ (સો ટકા) બરોબર છે અને આમાં લખેલુંય બરોબર છે, તો ભૂલ કોની છે એ ખોળી કાઢો. હવે ચંદુભાઈ છો કે શુદ્ધાત્મા છો ?

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા.

**દાદાશ્રી :** તો શુદ્ધાત્મામાં એક પરમાણુ રાગનું કે દ્વેષનું કશું રહ્યું નહીં. માટે તમને સંપૂર્ણ શુદ્ધાત્મા બનાવ્યા છે. આ જગતની પાસે જે જ્ઞાન-દર્શન છે એ રાગ-દ્વેષવાળું છે. તે અશુદ્ધ છે, રાગ-દ્વેષ સહિત છે અને રાગ-દ્વેષ રહિત તે શુદ્ધ જ્ઞાન કહેવાય.

## સદા રહે પ્યૉર દાદાનું ખેંચાણ

**પ્રશ્નકર્તા :** દાદા મળ્યા પહેલા જીવતા આવડતું ન હતું. દાદા મળ્યા પછી હવે જીવતા શીખીએ છીએ.

**દાદાશ્રી :** હા, મળ્યા પછી હવે સારું થયું. કારણ કે જ્ઞાની પુરુષ ચોખ્ખા હોય. પ્યૉર હોય એટલે એની પર ભાવ આવે જ.

**પ્રશ્નકર્તા :** હા, ભાવ આવે એના માટે.

**દાદાશ્રી :** પ્યૉર ખરું ને !

**પ્રશ્નકર્તા :** હા, દાદાને નિરખ્યા પછી કોઈને તૃપ્તિ થતી જ નથી. અહીંયાથી ત્યાં ગયા એટલે પાછા પગ ખેંચી લાવે છે.

**દાદાશ્રી :** બરોબર છે પણ એ બધું સહેજે રહે. પ્યૉર ખરું ને આ બધું ! બધી બાબતમાં પ્યૉરિટી !

**પ્રશ્નકર્તા :** હા, પ્યૉર, બધી બાબતમાં પ્યૉર, દાદા.

**દાદાશ્રી :** વિષય-કષાયથી રહિત કહેવાય ને ! જેના પર આ જગત ઊભું રહ્યું છે, તેનાથી રહિત કહેવાય ને ! એટલે પારદર્શક !

## પ્યૉરિટી કરતા પારદર્શક આગળ

**પ્રશ્નકર્તા :** પ્યૉરિટી (ચોખ્ખો) અને પારદર્શક એમાં શું ફરક ?

**દાદાશ્રી :** પ્યૉરિટી કરતાં આગળ પારદર્શક થાય. પ્યૉરિટી વધી જાય એટલે પારદર્શક થાય.

એટલે મનને કશો કોઈ વિચાર જ ના આવે. કોઈના અહિતના, કોઈ જીવને માટે, કિંચિત્‌માત્ર હિંસાના વિચાર જ ના આવે. બુદ્ધિયે એવી સરળ ચાલે. એ ડિસ્ચાર્જ અહંકાર પણ સરસ ચાલે. પણ તે ડિસ્ચાર્જ બધું ખરું, ધીમે ધીમે, જતું જતું ખલાસ થાય ત્યારે એ પારદર્શક થાય.

**પ્રશ્નકર્તા :** એ એકદમ ના થાય, દાદા ?

**દાદાશ્રી :** એકદમ તો કોઈને થાય જ નહીં ને!

અમારું મન બ્રહ્માંડનો ભાર ઊંચકે એવું હોય. અમારી જોડે બેસી રહે તો તમારું મન એવું થઈ જાય. પણ બેસી રહો નહીં ને તમે ! પાકા લોક ! ઘેર ડૉલરની ભીંત ચણવા જાવ ને ! ડૉલરની ભીંત ચણે. દાદાના મન જેવું મન થઈ જાય ને, તો કામ થઈ જાય. એ આખી દુનિયાનો ભાર ઝીલે !

## પારદર્શકતાથી દેખાય જેમ છે તેમ

અમને તો કહે છે કે તમને શી રીતે આ ખબર પડે છે બધી ? તો અમને દેખાય. તમે કહો કે તે દહાડે આપણે જાત્રામાં ગયા હતા ને આવું થયું હતું, તે બરોબર કે નહીં ? ત્યારે હું કહું કે બરોબર છે. પણ અમે દેખાયેલું કહીએ અને તમે યાદગીરીમાં કહો. બોલતાંની સાથે દેખાય આમ, એક્ઝેક્ટનેસ 'જેમ છે તેમ' દેખાય.

**પ્રશ્નકર્તા :** દર્શનમાં આવે બધું ?

**દાદાશ્રી :** દર્શનમાં નહીં, આમ એક્ઝેક્ટ દેખાય.

**પ્રશ્નકર્તા :** દર્શનમાં એ દેખાય શેનાથી, ચિત્તથી ?

**દાદાશ્રી :** ચોખ્ખું ક્લીયર થયેલું દેખાય. આખુંય ટ્રાન્સપરન્ટ (પારદર્શક) છે. આખું બિલકુલ પ્યૉર !

જ્ઞાની પુરુષ તો પારદર્શક કહેવાય. એ તો અરીસો છે. જ્ઞાની પુરુષમાં બધા જ પ્રગટ થયા હોય. એ અરીસામાં નાનક સાહેબ જુએ તો નાનક દેખાય. કૃષ્ણને જુએ તો કૃષ્ણ દેખાય. જેને જે ભગવાન જોઈતા હોય તે જ્ઞાની પુરુષમાં દેખાય. તેમનામાં ખુદાય દેખાય, મહાવીરેય દેખાય. જેને જે દૃષ્ટિએ જોવું હોય તેવું દેખાય.

તું પુસ્તકો વાંચીશ નહીં અને કશું જાણીશ નહીં તોય મને વાંધો નથી, પણ તું નિખાલસ થા, સાચો નિખાલસ થા. પછી નિખાલસને શોભે એ જ્ઞાન બધું એમ ને એમ ઉદ્‌ભવશે.

### નિખાલસ એટલે એકદમ પ્યૉર-ટ્રાન્સપરન્ટ

**પ્રશ્નકર્તા :** નિખાલસ વિશે જરા સ્પષ્ટ સમજાવો.

**દાદાશ્રી :** નિખાલસ એટલે એકદમ 'પ્યૉર' માણસ હોય. એ માણસ માણસ ના હોય, સુપર હ્યુમન હોય ત્યારે જ નિખાલસ થાય. નિખાલસ તો એકદમ 'પ્યૉર', 'ટ્રાન્સપરન્ટ' જેવો હોય. એને એક વિચાર પણ 'ઈમ્પ્યૉર' ના આવે. એવું તો હોય જ નહીં ને ક્યાંય ? સ્વરૂપ જ્ઞાન મળ્યા પછી ધીમે ધીમે એવા થવાય.

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં નિખાલસ માણસનો લોકો ગેરલાભ ઉઠાવે ને ?

**દાદાશ્રી :** ના. જે ગેરલાભ લેવા આવ્યો હોય તે સોએક ફૂટ છેટેથી જ અંદર ના આવી શકે. એની શક્તિ જ તૂટી જાય, ફ્રેક્ચર થઈ જાય.

**પ્રશ્નકર્તા :** નિખાલસ એટલે સ્વ-સ્વરૂપમાં રહે તે ?

**દાદાશ્રી :** સ્વ-સ્વરૂપમાં તો અમે જ્ઞાન આપીએ એટલે તમેય રહો. પણ એ નિખાલસતા ના કહેવાય. નિખાલસને સંસારનો એક પણ વિચાર ના આવે, હૃદય એકદમ પ્યૉર હોય. તમને હજી વિચારો આવે, તેમાં તન્મયાકાર થઈ જાવ. ઘરના વિચારો આવે, વેપારના આવે, વિષયોના આવે, બીજી બધી જાતના વિચારો આવે, ત્યાં સુધી ટ્રાન્સ્પરન્ટ થાય નહીં.

**પ્રશ્નકર્તા :** નિખાલસ માણસને શેનો વિચાર આવે ?

**દાદાશ્રી :** એમને વિચાર જ ના હોય. એમનું મન ફર્યા કરતું હોય. સમયે સમયે એટલે સમયવર્તી થયેલું હોય.

નિખાલસ પુરુષની પાર વગરની સિદ્ધિઓ હોય છે, પણ એ વાપરે નહીં. છેવટે તમારેય આવા નિખાલસ થવું પડશે ને ?

નિખાલસ થઈ ગયા એટલે જગતનો કંઈ ડર રાખવાની જરૂર જ ના હોય. એનું તો 'ઓટોમેટિકલી' રક્ષણ થયા કરે. એનું કોઈ ભક્ષણ કરી શકતો જ નથી. સ્વરૂપ જ્ઞાન મળ્યા પછી એની પૂર્ણ દશા ઉત્પન્ન થશે ત્યારે કોઈ ભક્ષણ નહીં કરી શકે, કોઈ નામ પણ ના દે.

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં નિખાલસ હોઈએ એ તો બહુ તકલીફ થાય.

**દાદાશ્રી :** નિખાલસ કોઈ હોઈ શકે જ નહીં ને ! આત્મજ્ઞાન થાય પછી જ નિખાલસ થાય.

**પ્રશ્નકર્તા :** નિખાલસ હોઈએ તો વ્યવહારમાં બાઘામાં ખપી જઈએ.

**દાદાશ્રી :** બાઘા એ નિખાલસ હોય જ નહીં. લોકો બાઘાને નિખાલસ કહે છે. નિખાલસ તો જુદો જ હોય. દરેક વિષયમાં એ નિખાલસ હોય, એક-બેમાં નહીં.

### અસામાન્ય માણસ થાવ

આમ સામાન્ય માણસની જેમ ક્યાં સુધી બેસી રહેવું ? મને તેરમા વર્ષે અસામાન્ય થવાનો વિચાર આવેલો. સામાન્ય એટલે શાકભાજી એવું મને લાગેલું. સામાન્ય માણસને જે તકલીફ પડે છે તે કોઈ તકલીફ અસામાન્ય માણસને ના પડે. સામાન્ય માણસ કોઈને હેલ્પ ના કરી શકે. જ્યારે અસામાન્ય માણસ હેલ્પને માટે જ હોય. તેથી જ તેને જગત એક્સેપ્ટ કરે.

**પ્રશ્નકર્તા :** અસામાન્ય માણસની વ્યાખ્યા શું ?

**દાદાશ્રી :** અસામાન્ય એટલે પોતે જગતના બધા લોકોને, દરેક જીવમાત્રને હેલ્પફૂલ થઈ પડે. પોતે સ્વતંત્ર થાય, પ્રકૃતિથી પર થાય ત્યારે અસામાન્ય થાય. સામાન્ય માણસ લાચારી હઉ અનુભવે, ત્રણ દહાડા ભૂખ્યો રાખે તો લાચારી અનુભવે. માટે અસામાન્ય થવું. પછી તો પોતાના સુખનો પાર ના રહે.

અત્યારે કોઈ મોટો માણસ તમને દેખાય એટલે તમને લઘુતાગ્રંથિ ઉત્પન્ન થાય, તમે અંજાઈ જાવ. અલ્યા, એ જ સામાન્ય માણસ છે, તો તેનાથી શું અંજાવાનું ?

## ત્યાગ-પવિત્રતાને લીધે ખેંચાણ

**પ્રશ્નકર્તા :** ઘણીવાર એવું થાય, તમારી પાસે કંઈ વશીકરણ છે ? કંઈ એવી શક્તિ છે એમ કે બધાને ખેંચી રાખો છો ?

**દાદાશ્રી :** ના, મારામાં તો કોઈ શક્તિ જ નથી. મારે તો ફાકી લેવી પડે છે, જુલાબની. મારામાં કશી શક્તિ નથી. આ ટ્રાન્સપરન્ટ થયેલું છે આ ! કોઈ પણ જાતની આમાં મોહનિદ્રા નથી કે કોઈ પણ જાતનો ત્યાગ બાકી નથી. એટલે જેને જે ત્યાગ કરવો હોય તે દાદાના આશ્રયે કરી શકે છે. કારણ કે તમને ત્યાગ હોય તો જ સામો ત્યાગ કરી શકે. જ્યાં સુધી ત્યાગ ના હોય તમારા મનમાં, માનસિક પણ એ હોય ત્યાં સુધી પેલો કાચો પડી જાય. આ તો મન-વચન-કાયાથી સંપૂર્ણ ત્યાગ વર્તે, બિલકુલ ટ્રાન્સપરન્ટ છે, અને તેનું આ આકર્ષણ છે આ બધું.

આ દાદામાં એટલો બધો ત્યાગ વર્તે છે કે બધીય જાતના જીવો અહીં ખેંચાઈને આવશે. આ દાદાનું એકેએક અંગ ત્યાગવાળું છે, એકેએક અંગ પવિત્ર છે. એટલે પછી એના હિસાબે બધું ખેંચાઈ આવવાનું.

## દાદા સાન્નિધ્યમાં વર્તે સમાધિ

**પ્રશ્નકર્તા :** દાદાની પાસે બેસવાથી શાંતિ થઈ જાય અને સંસારભાવ છૂટી જાય છે, એ કેવી રીતે બને છે ? એ શક્તિ ખરી ને દાદાની ?

**દાદાશ્રી :** દાદાની શક્તિ નથી એ. બરફની પાસે બેસીએ એટલે સ્વભાવથી જ ઠંડક લાગે એ બરફની શક્તિ નથી. નહીં તો બરફેય બૂમાબૂમ કરે કે 'કેવા તમને ઠંડા કર્યા મેં !' મેર, તું શું ઠંડો કરતો'તો, તારો સ્વભાવ છે એ તો ! એટલે અમારા સ્વભાવથી થાય છે.

અમારામાં એક પરમાણુ વિષયનું નથી, એક પરમાણુ મમતાનું નથી. તો પછી જ્યાં મમતા જ ના હોય, અહંકાર ના હોય ત્યાં શું બીજું હોય ? એટલે એમની જોડે બેસે છે એનું તો કલ્યાણ જ થઈ ગયું ને !

## જ્ઞાની પુરુષ એકલા જ ટ્રાન્સપરન્ટ

આ વર્લ્ડનું ફક્ત પ્યૉર બૉડી (જ્ઞાની પુરુષનું) છે. આખા જગતમાં પ્યૉરેસ્ટ બૉડી, ટ્રાન્સપરન્ટ ટ્રાન્સપરન્ટ કોઈ માણસ હોઈ શકે નહીં. એ જ્ઞાની પુરુષ એકલા જ ટ્રાન્સપરન્ટ હોય.

'જ્ઞાની પુરુષ'ને વર્લ્ડમાં કોઈ એવી ચીજ નથી કે જે આપણે આપીએ તો એમને કામ લાગે. કારણ કે એમને કોઈ ચીજની ભીખ જ ના હોય. એમને લક્ષ્મીની ભીખ ના હોય, કીર્તિની ભીખ ના હોય, વિષયોની ભીખ ના હોય, માનની ભીખ ના હોય. જેને કોઈ જાતની ભીખ નથી તે નિર્વાસનિક કહેવાય. નિરિચ્છક એવા 'જ્ઞાની પુરુષ', જેના દર્શન માત્રથી જ પાપ ધોવાઈ જાય ! એમની પાસે બેસવાથી અપાર શાંતિનો અનુભવ થાય.

જેને કંઈ જોઈતું હોય તે ડખો કરે. અમારે કશું જોઈએ જ નહીં. એક માણસ કહે છે, 'દાદા ભગવાન ઘણા લોકોને નિરંતર કાયમ યાદ કેમ રહે છે ?' બધું ટ્રાન્સપરન્ટ છે એટલે. કોઈ પણ ટ્રાન્સપરન્ટ વસ્તુ આરપાર કરી નાખે. કૃષ્ણ ભગવાન યાદ આવતા'તા ને, બધી ગોપીઓને નિરંતર રહેતા'તા ને ? એવું આપણે ત્યાં ! આપણે ત્યાં ઓછામાં ઓછા ત્રીસ

હજાર માણસ છે, જેને રાત-દહાડો દાદા યાદ રહ્યા જ કરે. એની મેળે જ, યાદ કરવા ના પડે !

એક જ દહાડાની ઓળખાણ, તોય આખો વખત યાદ રહે.

કાયમના બાપ જોડે હતા તોય પણ બાપા યાદ ના આવે. કારણ કે કઈ વસ્તુ યાદ આવે ? ત્યારે કહે, પારદર્શક વસ્તુ હોય તે જ યાદ આવે. બીજી વસ્તુ યાદ આવે નહીં. યાદ આવવું એ તો બહુ મોટી મુશ્કેલી ! પારદર્શક હોય તે જ યાદ આવે, નહીં તો સ્મરણ કરવું પડે.

સ્મરણ એટલે ભૂલી ગયેલાને યાદ કરવું અને પારદર્શક તો યાદ જ. પારદર્શક થવાની જરૂર છે. તમને બધું આખું જગત જે માગો એ આપવા તૈયાર છે પણ તે દહાડે તમે માગવાના નથી. કારણ કે ભીખ મટી ગયેલી હોય. ભિખારી છું ત્યારે આપતા નથી. જ્યારે ભીખ મટે ત્યારે આપવા તૈયાર થાય, ત્યારે ભીખ હોતી નથી !

દાદા નિર્દોષ માણસ છે, સ્વચ્છ છે, ટ્રાન્સપરન્ટ છે એટલે પ્રેમ આવે બધાનો.

મહાત્માઓ રોજ રોજ સીમંધર સ્વામી પાસે માગ માગ કરે છે દાદાનું, એય પ્રેમ છે ને બધો ! પ્રેમથી બંધાયેલું તે છૂટે નહીં.

અમારું મન પ્યૉર છે, બુદ્ધિ પ્યૉર છે, અહંકાર પ્યૉર છે. પ્યૉરિટીની ટોચ ઉપર બેઠેલા છીએ. (તમારે તેવા) પ્યૉર તો થવું પડશે ને ?

હવે દાદા નિરંતર રહે છે ને યાદ, થયું ત્યારે. કશી ઉપાધિ જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** હા, હા, પ્યૉરિટીવાળા આપણને વધારે લક્ષમાં રહે.

**દાદાશ્રી :** પ્યૉરિટીવાળાનું તો ખેંચાણ થશે હવે. શ્રીમંતો તો રહે કે નાય રહે. મોટા માણસો તો બહુ છે ત્યાં પણ તે બધાનું મને લક્ષ બેસે નહીં બહુ. મારે તો પ્યૉરિટીવાળા હોય ને, એને હું ઓળખું.

**પ્રશ્નકર્તા :** ખેંચાણ રહે એમને, પ્યૉરિટીવાળાનું ખેંચાણ રહે.

**દાદાશ્રી :** હવે મારે બીજું શું જોઈએ છે ? એમને આપવું હશે એ તો આવતો ભવ લેવા હારુ આપે, મારે જોઈએ નહીં. મારે પોતાની જાતને જોઈતું નથી. એટલે મારે પોતાને કાંઈ જોઈતું જ નથી ને !

## જીવ્યા જ્ઞાની સામાની અનુકૂળતા માટે

મારી પોતાની જાત, અંગત માટે નહીં, તમારા માટે. મેં શું નક્કી કર્યું હોય કે હું જે સુખ પામ્યો છું એવું સુખ બીજા પામો. એ તો મને ગરજ પડી છે કે આ લોકો સુખને પામે, મોક્ષે જાય.

પોતાના સુખનું નહીં, પણ સામાની અડચણ કેમ કરીને દૂર થાય તે જ રહ્યા કરે ત્યાંથી કારુણ્યતાની શરૂઆત થાય. અમને નાનપણથી જ સામાની અડચણ દૂર કરવાની પડેલી. પોતાના માટે વિચારેય ના આવે તે કારુણ્યતા કહેવાય. તેનાથી જ 'જ્ઞાન' પ્રગટ થાય.

**પ્રશ્નકર્તા :** અમે દાદાનું જોયું કે દાદાનું કિંચિત્‌માત્ર પોતાપણું નથી અને હંમેશાં સામી વ્યક્તિની જ અનુકૂળતા જુએ છે.

**દાદાશ્રી :** એ ધીમે ધીમે તમારુંય પોતાપણું જતું રહેશે.

**પ્રશ્નકર્તા :** જ્ઞાની પુરુષનું આ અમે જોયું, એટલે અમારું પોતાપણું જતું રહેશે ?

**દાદાશ્રી :** અહંકાર ગયેલો છે ને ! અહંકાર હોય ત્યાં સુધી પોતાપણાનું રક્ષણ થાય. એ જ્ઞાની પુરુષનું પોતાપણું ગયેલું જુએ.

**પ્રશ્નકર્તા :** પોતાપણું એટલે પોતે પોતાની પ્રકૃતિનું રક્ષણ કરવું ?

**દાદાશ્રી :** પુદ્ગલનું રક્ષણ કરવું.

**પ્રશ્નકર્તા :** દાદાજીએ ક્યારેય પોતાની અનુકૂળતા જોઈ નથી, સામાની જ હંમેશાં પ્રતિકૂળતા જોઈને એને જ અનુકૂળ થયા છે. હંમેશાં દરેક વ્યક્તિ પોતાની જ અનુકૂળતા જોતી હોય છે. પછી ભલે બીજાને ગમે તે પ્રતિકૂળતા ઉત્પન્ન થાય, પણ મારી અનુકૂળતા સચવાવી જોઈએ. મારી પથારી ક્યાં છે ? મારું જમવાનું કેમ નહીં ?

**દાદાશ્રી :** આ પોતાપણું હોય એટલે તો શું કરે ? અહીંથી જવાનું હોય તો કોઈનું માને નહીં, પોતાનું કહ્યું કરાવડાવે.

## પારકી વસ્તુ કદી ના માને પોતાની

હવે દેહને આપણે કહેવું, 'તારે જવું હોય તો જા, અમે અમારા મુકામમાં રહીશું.' એની બહુ હાયવોય ના કરવી. અનંત અવતારથી દેહની સુવાવડ જ કર કર કરી છે. એક અવતાર જ્ઞાની પુરુષને દેહ સોંપી દે અને સુવાવડ ના કરે તો થઈ ગયું, ચોખ્ખું થઈ ગયું. અમે તો આ દેહની એક ક્ષણવાર સુવાવડ કરી નથી. એક ક્ષણવાર આ દેહ અમારો છે, એવું અમને ખબર નથી. આ જ્ઞાન પ્રગટ થયા પછી અમારું છે નહીં, એ પારકી વસ્તુ છે. એ પારકી વસ્તુ આપણા હાથમાં રહે નહીં ને આપણે જોઈતીય નથી. પોતાની વસ્તુ એ પોતાની, પારકી એ પારકી !

## પ્યૉરિટીથી પુદ્ગલ બને ટ્રાન્સરપરન્ટ

**પ્રશ્નકર્તા :** આને કેટલી પ્યૉરિટી કહેવાય ?

**દાદાશ્રી :** આ તો પ્યૉરિટી જ છે, આ તો પ્યૉર જ છે, નહીં તો યાદ જ ના રહે. નહીં તો સ્મરણ કરવું પડે. સ્મરણ કરેલું વિસ્મરણ થાય. અને આ વિસ્મરણ થાય જ નહીં, યાદ જ આવે. એ જેટલી પ્યૉરિટી એટલું યાદ. જે માણસ પોતે પ્યૉર રહે એ લોકોના હૃદયમાં બેસી જાય, યાદ જ રહ્યા કરે, એનું રક્ષણ કરે. નિરંતર યાદ રહ્યા કરે એ પ્યૉરિટીના આધારે, ટ્રાન્સપરન્ટ શક્તિ ! પુદ્ગલ ટ્રાન્સપરન્ટ બને.

**પ્રશ્નકર્તા :** પેલું સામાના હૃદયમાં પેસી જાય એટલે એનું હૃદયનું પરિવર્તન લાવે ?

**દાદાશ્રી :** પરિવર્તન તો આવેલું જ હોય ત્યારે તો પેસે ત્યાં. યાદ રહે ક્યારે ? પરિવર્તન થાય ત્યારે.

## અક્રમે ૩૫૬ ડિગ્રીએ ટ્રાન્સપરન્સી

**પ્રશ્નકર્તા :** દાદા, અક્રમમાં ત્રણસો છપ્પન છતાં ટ્રાન્સપરન્ટ છે.

**દાદાશ્રી :** ટ્રાન્સપરન્ટ, બિલકુલ હંડ્રેડ પરસેન્ટ ટ્રાન્સપરન્ટ ! અંદર ત્રણસો સાંઈઠ ને બહાર છે તે ત્રણસો છપ્પન. પેલું (ક્રમિકમાં) અંદર ત્રણસો સાંઈઠ પણ બહાર ત્રણસો ઓગણસાંઈઠ હોય તોય ના રહે આવું. અને આ ત્રણસો છપ્પન છે તોય રહે છે.

**પ્રશ્નકર્તા :** એ લોકોને ત્રણસો ઓગણસાંઈઠ પણ ત્રણસો સાંઈઠ અડ્યું જ ના હોય. અને અહીં તો ત્રણસો સાંઈઠ થઈને પછી ઊતરી ગયું.

**દાદાશ્રી :** ત્રણસો સાંઈઠ અડે તો જ થાય. આ આમાં અહંકાર ના હોય. પેલો કર્તાપદ ને ભોક્તાપદનો, બેઉ અહંકાર જ ના હોય.

એટલે આ અજાયબી છે ! ધીસ ઈઝ ધી વન્ડર ઑફ ધી વર્લ્ડ ! એકેક શબ્દ યાદ રહે. ત્રણસો ઓગણસાંઈઠના શબ્દો હોય ને (ક્રમિકના) જ્ઞાનીના, એ યાદ ના રહે, એ યાદ કરવું પડે. કારણ કે પ્યૉરિટી નહીં. આ ટ્રાન્સપરન્ટ કહેવાય ત્રણસો છપ્પને પણ, ત્રણસો સત્તાવન ટ્રાન્સપરન્ટ, અઠ્ઠાવન ટ્રાન્સપરન્ટ, ઓગણસાંઈઠ ટ્રાન્સપરન્ટ અને સાંઈઠ થાય તો બેઉ એક જ છે. ત્યાં સુધી જુદા રહેવાના. થોડું સમજાયું તમને ? કેટલી અજાયબી છે ! અને તમે બધા પામ્યા તે કેટલી અજાયબી !

## જાગૃતિ ભૂલો સામે, જ્ઞાની તણી

અમારી જાગૃતિ 'ટોપ' પરની હોય. તમને ખબરેય ના પડે, પણ તમારી જોડે બોલતા જ્યાં અમારી ભૂલ થાય ત્યાં અમને તરત ખબર પડી જાય ને તરત તેને ધોઈ નાખીએ. એના માટે (પ્રતિક્રમણ રૂપી) યંત્ર મૂકેલું હોય છે, જેનાથી તરત જ ધોવાઈ જાય. અમે પોતે નિર્દોષ થયા છીએ ને આખા જગતને નિર્દોષ જ જોઈએ છીએ. છેલ્લા પ્રકારની જાગૃતિ કઈ કે જગતમાં કોઈ દોષિત જ ના દેખાય તે. અમારે જ્ઞાન પછી હજારો દોષો રોજના દેખાવા લાગેલા. જેમ દોષ દેખાતા જાય તેમ તેમ દોષ ઘટતા જાય ને જેમ દોષો ઘટે તેમ જાગૃતિ વધતી જાય.

હવે અમારે ફક્ત સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ દોષો રહ્યા છે, જેને અમે 'જોઈએ' છીએ અને 'જાણીએ.' એ દોષ કોઈને હરકતકર્તા ના હોય પણ કાળને લઈને એ અટક્યા છે અને તેનાથી જ ૩૬૦ ડિગ્રીનું 'કેવળજ્ઞાન' અટક્યું છે અને ૩૫૬ ડિગ્રીએ આવીને ઊભું રહી ગયું છે ! આ કાળમાં રિલેટિવ પૂર્ણતાએ જઈ શકાય તેમ નથી, પણ અમને તેનો વાંધો નથી. કારણ કે મહીં અપાર સુખ વર્ત્યા કરે છે !

## વ્યવહાર શુદ્ધિથી પ્યૉરિટી

**પ્રશ્નકર્તા :** દાદા, અહીંયા આપની પાસે આવ્યા પછી અમારી દ્દષ્ટિ સીધી થઈ ગઈ.

**દાદાશ્રી :** સીધી થઈ જાય છે. બધી મલિનતા નીકળી જાય. કારણ હું બિલકુલ પ્યૉર છું. મારા ટચમાં આવ્યાથી પ્યૉરિટી થવી જ જોઈએ. અને પ્યૉરિટી નથી થતી ત્યાં, જ્યાં ને ત્યાં ફસાયા છે તેનું જોઈ લીધું કે આ આમને લીધે મારે પ્યૉરિટી નથી થઈ, માટે એ ઈમ્પ્યૉર લાગે છે. નહીં તો મારી કેમ નીકળે નહીં ?

**પ્રશ્નકર્તા :** કોઈ દોષિત નથી, આપણે જ દોષિત છીએ, એવી દ્દષ્ટિ થઈ જાય.

**દાદાશ્રી :** સાચી વાત છે. દાદાનો એક શબ્દ સમજણ પડી જાય ને બહુ થઈ ગયું. અને પ્રતીતિમાં આવી ગયું તો કલ્યાણ થઈ ગયું. પહેલું સમજણ પડે અને પછી પ્રતીતિમાં આવી જાય.

ભગવાને સહુને નિર્દોષ જોયેલા. કોઈને દોષિત તેમણે જોયેલા નહીં અને આપણી એવી ચોખ્ખી દ્દષ્ટિ થશે ત્યારે ચોખ્ખું વાતાવરણ થશે.

## પ્યૉર હાર્ટ ત્યાં જ એકતા

એકતા આવી ગઈ એ 'હાર્ટની પ્યૉરિટી' (હ્દયની શુદ્ધતા) કહેવાય. મારે બધાની જોડે એકતા આવી જાય. કારણ કે હાર્ટ 'પ્યૉર' જ છે ને ! મને તો અભેદ જ લાગે બધા. અને પોતાનું જે ઍફિડેવિટ (ગુનાની કબુલાત) લખે છે, તેમાં એકે દોષ લખવાનો બાકી નથી રાખતા. પંદર વર્ષની ઉંમરથી માંડીને ચાલીસ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધીના બધા દોષો, મને જાહેર કરી દે છે. આ છોકરા-છોકરીઓ બધાંય જાહેર કરી દે છે, તેનું શું કારણ ?

**પ્રશ્નકર્તા :** એ આપની પ્યૉરિટી છે.

**દાદાશ્રી :** એ પ્યૉરિટી છે. એ જાહેર કરી દે છે, એ પછી હું એને જોઈ વિધિ કરી આપું અને કાગળિયું એને પાછું આપું.

આ તીર્થંકરોએ શું કહ્યું ? આલોચના, પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન. અમારે ત્યાં આલોચના થઈ ગઈ એટલે થઈ ગયું. પછી આગળ કોઈ ઉપરી છે જ નહીં કે જે મંજૂર કરી શકે. અહીં છેલ્લી જ મંજૂરી છે. તે મંજૂર થઈ ગયું પછી તું તારી મેળે પ્રતિક્રમણ કર અને પ્રત્યાખ્યાન ભાવ રાખ કે ફરી આ નથી કરવું.

## પ્યૉરિટી પમાડે નિર્ભય પદ

**પ્રશ્નકર્તા :** દાદા, એક વાત આપે એવી કહેલી કે જે તદ્દન પ્યોર છે એને આ જગતમાં ભગવાન પણ ડરાવી શકનાર નથી.

**દાદાશ્રી :** ઊલટા ભગવાન ડરતા રહે. કારણ

કે ભગવાન કોને ખોળે છે ? પ્યૉરને ખોળે છે અને પ્યૉર જડે નહીં એટલે પછી બે-ચાર દેખાય ત્યારે આમાં કહેશે, હું જો કદી બહુ કડક થઈશ તો જતા રહેશે, એટલે ઊલટા એ ડરતા ડરતા રહે. માટે પ્યૉર થાવ. મારું શું કહેવાનું છે ? ભગવાન થવાની જરૂર નથી, પ્યૉર થાવ. ભગવાન પણ ડરતા રહે. મેં જોયા છે મારાથી ડરતા. કેટલાય વખત ડરતા જોયેલા ?

**મહાત્માઓ :** ઘણા.

**દાદાશ્રી :** કારણ કે પ્યૉર થાવ, મારું કેવું છે ? જેને એક મિનિટેય ઓપન ટુ સ્કાય છે. એટલે મારી તો પ્યૉરિટી છે, કમ્પ્લીટલી પ્યૉરિટી, જેમાં એક વાળ જેટલું કોઈ ખોળી શકે એમ નથી. એટલે ખોળવા જેવું છે જ ક્યાં આગળ ? ત્યાં તો તમે પણ એવું થવાનો પ્રયત્ન, ભાવ કરો.

**પ્રશ્નકર્તા :** ભાવ કરવાનો ?

**દાદાશ્રી :** હં.. કોઈ તમને કહે કે હું આવો થઈ ગયો છું. તો એ પછી આપણા મનમાં ભાવ થયો તો આપણેય એવું થઈ શકે એમ છે. આ જ્ઞાન મળ્યા પછી બધું થઈ શકે. જ્ઞાન ના મળ્યું હોય તો આપણે ના બનીએ. કારણ કે આ જ્ઞાન મળ્યા પછી એની દૃષ્ટિફેર થઈ ગયેલો છે. અને દૃષ્ટિફેર થયો એટલે પછી સ્વપુરુષાર્થ ઊભો થાય છે, સાચો પુરુષાર્થ ઊભો થાય છે. એટલે પુરુષાર્થ જેટલો કરાય એટલો કરો.

## આંખોથી ઓળખાય પ્યૉર વીતરાગતા

મારું કહેવાનું કે આ જેટલું ચોખ્ખું રાખશો એટલું આ જગતને લાભદાયી થઈ પડશે. મારા મનમાં ઈચ્છા જ નહીં જેને. મારે તો ધોતિયું ફાટેલું હોય તોય ચાલે. પણ કંઈ પૂર્વનો હિસાબ લાવેલો છું કે મારા કપડાં છે તે નાનપણથી જેવા છે એ બદલતા નથી. એની મેળે જ એવા તૈયાર થઈ જાય છે. તે પૂર્વનો માલ લઈને આવેલો છું. કપડું પણ પદ્ધતસર હોય જ. બહુ એવું નહીં પણ પદ્ધતસર. તે ધોયેલું-કરેલું કપડું, વ્યવસ્થિત હોય અને બાવા જેવું નહીં, પદ્ધતસર વેપારી જેવું. કોઈને ખબર જ ના પડે ને આ જ્ઞાની છે, એવું. ગાડીમાં બેસું તો કોઈને ખબર પડે ?

તેથી શ્રીમદ રાજચંદ્રે કહ્યું કે જ્ઞાની પુરુષ કેવા હોય ? જેને બોર્ડ ના હોય, ભગવું લૂગડું ના હોય, ધોળું લૂગડું ના હોય. ભગવું હોય તો લોક જે જે કરે, બાપજી બાપજી કરે. ધોળું લૂગડું હોય તોયે 'બાપજી બાપજી' કરે. જ્ઞાની પુરુષને ફક્ત આપણા સાધારણ માણસ ઓળખી શકે નહીં, કોઈ નવીનતા જ દેખાય નહીં ને ! મોઢા ઉપર ચેન્જ દેખે નહીં ને ! મોઢા પર એમને ઓળખવાની શક્તિ હોય તો તો ઓળખી કાઢે. એમની આંખ જુએ ને, તો આંખમાં સંપૂર્ણ વીતરાગતા દેખાય. એવી આંખ વર્લ્ડમાં કોઈ જગ્યાએ હોય નહીં, એવી વીતરાગતા હોય, કારણ કે ચોરની આંખેય ઓળખાય આપણને, ખબર પડે કે આ આમની આંખ જુદી છે. પોલીસવાળાને પૂછો.

મેં એક ફેરો ફોજદારને પૂછયું, 'અમે ચોર છીએ કે કેમ, તમને કેમ સમજણ પડે ?' 'ના, પણ તમે ચોરી લાવ્યા હોય તોય તમને ચોર અમે ના કહીએ. કારણ કે તમારી દૃષ્ટિ જ નથી ચોરની. કહે છે. અમે તો તરત ઓળખી જઈએ. જેમ બિલાડીને ઉંદરની સુગંધ આવે, એવી અમને સુગંધ આવે', કહે છે. તમે ઈન્કમટેક્ષમાંય બધાને સમજી જાવ એવી દૃષ્ટિ હોય, અને અમે વીતરાગ હોઈએ બિલકુલ. કિંચિત્‌માત્ર ખરાબ કર્યું હોય તેની ઉપર દ્વેષ અમને કોઈ દહાડો થયો નથી. કોઈએ ખરાબમાં ખરાબ કર્યું હોય તોય આશીર્વાદ આપું છું.

## મુક્ત પુરુષનું મુક્ત હાસ્ય

**પ્રશ્નકર્તા :** આપનું હાસ્ય જોયું છે ને, બિલકુલ વીતરાગ હાસ્ય લાગે છે.

**દાદાશ્રી :** એ જ મુક્ત હાસ્ય કહેવાય.

**પ્રશ્નકર્તા :** અમને મુક્ત હાસ્ય થાય એવા સંજોગ છે, તો એ શાથી અટક્યું છે ?

**દાદાશ્રી :** તમારી મહીં બધા ભૂતો ભરાઈ રહ્યા છે, તેનાથી તે અટક્યું છે. મુક્ત પુરુષ સિવાય કોઈ એ કઢાવે નહીં. મુક્ત પુરુષ મુક્ત હાસ્યથી તમને મુક્ત હાસ્યમાં લાવે. મહીં જાતજાતની ખેંચો રહેલી છે, તેથી રડવાને ટાઈમે રડતો નથી ને હસવાને ટાઈમ હસતો નથી.

આ ઘરડા કાકા વધારે શાથી હસે છે ? નિર્દોષતા છે એટલે, સરળ છે તેથી. સરળ એટલે જેમ વાળો તેમ વળી જાય, સોનાની પેઠ. તેમને એક કલાકમાં જેવો ઘાટ કરવો હોય એવો થાય.

'જ્ઞાની પુરુષ' નિરંતર મુક્ત અવસ્થામાં હોય, તેથી સામાનું પણ મહીં ખૂલી જાય ! અમારું મન મુક્ત રહે, કોઈ અવસ્થામાં એક ક્ષણ પણ એ બંધાય નહીં. 'જ્ઞાની પુરુષ'ના દર્શનથી જ બધા ઉલ્લાસમાં આવી જાય ને એનાથી તો કેટલાય કર્મો ઊડી જાય.

એક સંપૂર્ણ વીતરાગ ભગવાન સિવાય કર્મરહિત હાસ્ય ના હોય. તે આ કાળમાં ઊભું થયું છે, અક્રમ વિજ્ઞાનના 'જ્ઞાની પુરુષ' પાસે પ્રગટ થયું છે. જે કામ કાઢી નાખે એવું છે, સર્વસ્વ કર્મો ભસ્મીભૂત કરે એવું છે ! 'જ્ઞાની પુરુષ'ને જ્યારે જુઓ, રાતે બે વાગે જુઓ તોય એક જ પ્રકારનું મુક્ત હાસ્ય હોય ! જ્યારે બીજાના હાસ્ય કષાયોથી સ્થંભિત થઈ ગયેલા હોય.

**પ્રશ્નકર્તા :** આપની જોડે વાત કરતાં કરતાં અમને કોઈ વખત મુક્તપણે હસવું આવે છે, તે મુક્ત હાસ્ય કહેવાય ?

**દાદાશ્રી :** હા, તે વખતે મુક્ત થાય છે. એમ કરીને પ્રેક્ટિસ પડે છે, નહીં તો આ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' એવું અમારે શું કામ કરવાની જરૂર ? એ વખતે મહીંનો કચરો નીકળે છે ને મુક્ત થાવ છો.

## અમને નિર્મળ રાખવા પડે

હવે જેમ જેમ ઘરના બંધનોથી મુક્ત થયો, તેમ તેમ શું થાય છે ? ઉપાશ્રય થાય છે. ઉપાશ્રય થાય એટલે મહીંલો માલ સરસ નીકળે. ઘરમાં રહ્યો એટલે સહેજે ઘરનું બંધન ખરું ને ! હું ત્યાં સાંતાક્રુઝ ત્રીજે માળે હોઉં તો ઘરનું બંધન ખરું ને ?

**પ્રશ્નકર્તા :** હા, ખરું.

**દાદાશ્રી :** એટલે (સત્સંગનો) માલ નીકળે નહીં, જોઈએ એવો હંમેશાં. એટલા માટે જ આ ભગવાને કહેલું કે એકાંતમાં રહેવું. એનું એ જ કારણ ને ! સંસારથી દૂર રહેવાનું કારણ એ હતું ને ! અહીં છેટો રહું એટલે ઉપાશ્રય જેવું જ ને !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હવે આ રૂમ જ ઉપાશ્રય ને ! અહીં કોઈ બંધન નહીં ને ! એ તો બીજા કોઈ અહીં અમારા ધંધાની વાત કરવા આવે ને જાય, એ તો ઋણાનુબંધ છે, પણ બંધન નહીં ને કશું !

એટલે અત્યારે સત્સંગ બહુ ઊંચો નીકળે, પહેલા જેવો. કારણ કે નિર્મળ દેખાય ને ! અને કશીક વ્યવહારિક વાતચીત આવી કે નિર્મળમાં એ થઈ જાય, ઝાંખું દેખાય. એટલે જેવું જોઈએ એવું ફળ આપે નહીં. મને પોતાને મારો આનંદ ઓછો ના થાય, પણ સામાને લાભ ના થાય. જેવો જોઈએ તેવો સામાને લાભ કરવો હોય તો અમને નિર્મળ રાખવા પડે. વ્યવહારથી આમ છેટા ને છેટા રાખવા પડે. તે તો કુદરતે છેટા રાખ્યા ને, ઘરથી છેટા રાખ્યા ને ! જો પગે ફ્રેક્ચર કરીને કુદરતે ઘરથી છેટા રાખ્યા ને ! અને હીરાબાય કહે છે કે 'તમે તમારી તબિયત સચવાઈ રહે, એવી રીતે તમને જ્યાં અનુકૂળ આવે ત્યાં તમારે રહેવાનું.'

એ તો શબ્દ જ ઊંચા નીકળે પછી, ઠેઠની વાણી નીકળે. વાણી બહુ ઊંચી જાતની નીકળી છે ! આ બધી અત્યારે જે વાણી નીકળી છે, તે ગજબની વાણી નીકળી છે ! એક-એક વાક્યમાં તો કેટલાંય લોકોના કામ થઈ જાય તેવી !

## લઘુતમ થઈ પામ્યા ગુરુતમ પદ

**પ્રશ્નકર્તા :** આપ કહો છો ને કે અમે 'રિલેટિવ'માં લઘુ થયા, એનો દાખલો આપો ને !

**દાદાશ્રી :** 'રિલેટિવ'માં લઘુતમ થવું એટલે તમને સમજાવું. અહીંથી તમને એક ગાડીમાં લઈ જતા હોય અને બીજા ઓળખાણવાળા આવ્યા એટલે તમને પછી કહે, 'હવે ઊતરી જાવ.' એટલે કંઈ પણ 'ઈફેક્ટ' સિવાય ઉતરી જવું. ફરી પાછો થોડીવાર પછી કહે, 'ના, ના. તમે આવો.' ફરી પાછા તમને બેસાડ્યા તો તમે બેસી જાવ. ફરી બીજા ઓળખાણવાળા મળે ત્યારે તમને કહે, 'ઊતરી જાવ.' તો કંઈ પણ 'ઈફેક્ટ' સિવાય ઊતરી પડવું. ને કંઈ પણ 'ઈફેક્ટ' સિવાય ચઢવું. એવું આઠ-દસ વખત થાય તો શું થાય ? આ માણસોને શું થાય ? ફાટી જાય. જેમ દૂધ ફાટી જાય એમ ફાટી જાય !

**પ્રશ્નકર્તા :** એક જ વખતમાં ફાટી જાય.

**દાદાશ્રી :** અને મને સત્યાવીસ વખત કરે તોય એવો ને એવો ! અને પાછો જઈને પાછો હઉ આવું. એ કહે, 'ના, ના. તમે પાછા આવો.' તો પાછો હઉ આવું. કારણ કે અમે લઘુતમ થયા છીએ.

'રિલેટિવ'માં જેટલું લઘુતમ થવાશે, એટલું 'રિયલ'માં ગુરુતમ પ્રાપ્ત થશે. તે અમે લઘુતમ થઈને બેઠા, તો સામે આ ગુરુતમ પદને પામ્યા. કંઈ રસ્તો અઘરો નથી, આ સમજવું અઘરું છે. 'બાય રિલેટિવ વ્યૂપોઈન્ટ' હું બધાનો શિષ્ય છું, લઘુતમ છું. 'બાય રિયલ વ્યૂપોઈન્ટ' હું ગુરુતમ છું. એટલે વ્યાવહારિક દ્દષ્ટિથી, મારાથી કોઈ નીચો નથી, મારાથી બધા મોટા છે. આ બધાનો શિષ્ય હું છું. અને ખરી દ્દષ્ટિથી, ભગવાનની દ્દષ્ટિથી મારાથી કોઈ મોટો નથી.

લઘુતમ થયો કે પ્યૉર થઈ ગયો. સંપૂર્ણ પ્યૉર ! પ્યૉર થવા જ માંડ્યા છે. જેટલો પ્યૉર થયો એટલો લઘુતમ થઈ ગયો, એટલો પ્યૉર.

## પ્યૉર ફોટા દાદાના કરશે કલ્યાણ

**પ્રશ્નકર્તા :** અમે જે આપનામાં પ્યૉરિટી જોઈ છે. લોકો સર્વસ્વ અર્પણ કરે છે, છતાં કિંચિત્‌માત્ર કોઈનો આપે મનથી પણ લાભ નથી ઊઠાવ્યો. એ અમે પોતે અનુભવીએ છીએ.

**દાદાશ્રી :** એ તમને દાદાના ફોટા પડી ગયા છે. એકવાર જોયા ને, ત્યારે આ ફોટા પડી ગયા છે. એ ફોટા પડી ગયા ને, એ ફોટા જ કામ કાઢશે.

**પ્રશ્નકર્તા :** ફોટા કામ કરે છે. અને આ વસ્તુ હોય ત્યારે જ આત્યંતિક કલ્યાણ થઈ શકે.

**દાદાશ્રી :** હા, નહીં તો કલ્યાણ પોતાનું જ ના થયું હોય ને, તે પારકાનું કેવી રીતે કરે ?

## હું વશ ભગવાનને, ભગવાન વશ મને

**પ્રશ્નકર્તા :** આ તો અમારું અનંત અવતારનું પુણ્ય ફળ્યું કે સદેહે ભગવાન મળ્યા, પૂર્ણ વીતરાગ મળ્યા !

**દાદાશ્રી :** મને હઉ ભગવાન મળ્યા અને તમને મળ્યા ! આ ભગવાનની જોડે હું બેઠો છું. હું તો જ્ઞાની પુરુષ છું, દાદા ભગવાન હું નથી. આ મહીં દાદા ભગવાન છે એમને હું નમસ્કાર કરું છું, આમ કરીને. અને તે જ સાચા ભગવાન છે. આ 'દાદા ભગવાન' ફરી નહીં મળે, આવા પ્યૉર ભગવાન ! તેથી ફેરફાર થાય ને ! નહીં તો ફેરફાર થાય નહીં ને ! હું ભગવાન થઈ બેઠો હોત ને, તો લોકોના મનમાં જુદાઈ રહેત. હું ભગવાન થઈ બેસું એવો છું નહીં ને ! મારે જરૂર નથી. શું કામ છે ભગવાન થઈને ? આમ કહેવાઉં ભગવાનનો હું ભક્ત, પણ વશ થયેલા મને પાછા.

અમને એ વશ થઈ ગયેલા. ત્યારે મેં કહ્યું, 'જાવ, બીજી જગ્યાએ જાવ.' ત્યારે એ કહે, 'ના, બીજી જગ્યા જ નથી ને આવી.' આવી કરેક્ટ જગ્યા જોઈએ, પ્યૉર ! ઈમ્પ્યૉરિટી બિલકુલ ચાલે નહીં.

## પ્યૉરની તો વાત જ જુદી

**પ્રશ્નકર્તા :** આત્મજ્ઞાની અને ભગવાનમાં ફરક શું ?

**દાદાશ્રી :** બહુ ફેર. આત્મજ્ઞાની હજુ દેહમાં રહ્યા છે. ભગવાન સાવ જુદા પડી ગયેલા, તદ્દન જુદા પડી ગયેલા. બેમાં બહુ ફેર. આત્મજ્ઞાનીને ભગવાન જ કહેવાય, પણ પેલા દેહધારી ભગવાન ગણાય. અને આ ભગવાન એ ભગવાન કહેવાય એટલે પ્યૉર, ઈમ્પ્યૉરિટી નહીં જરાય. પ્યૉરની વાત જ જુદી ને ! ઈમ્પ્યૉરિટીવાળામાં જરાક બગાડ થવાનો સંભવ ખરો. આ તો બગાડ જ નહીં થવાનો ને ! લાંબો ફેર નહીં પણ ફેર એટલો તે બગાડ તો ખરો જ ને ! જેમ છે તેમ ભગવાન જુદા પડેલા હોય ને, તે ભગવાન ! આત્મજ્ઞાની તરીકે ભગવાન કહેવાય પણ તે ઈમ્પ્યૉરિટી હોય. એમાં સ્વાદ આવે નહીં બહુ જોઈએ એવો. રસ્તો આગળનો મળે આપણને પણ પેલા જેવો સ્વાદ ને આનંદ જે હોવા જોઈએ, એની જે મજા એ ના આવે, તૃપ્તિ ના થાય. આ તો બધી રીતે તૃપ્તિ કરાવડાવે. જરાક પ્યૉરિટી કાચી હોય ત્યાં જ્ઞાની પદ અને સંપૂર્ણ પ્યૉરિટી એટલે ભગવાન પદ.

## ફરી નહીં મળે આવા પ્યૉર ભગવાન

'દાદા ભગવાન' એ ભગવાન છે અને દાદા એ બાવા.

**પ્રશ્નકર્તા :** અમને તો દાદા ભગવાનેય ભગવાન લાગે છે અને બાવાએ ભગવાન જ લાગે છે.

**દાદાશ્રી :** એ તમને તો એવું લાગવું જ જોઈએ, આ તો હું પ્યૉર કહું. પ્યૉર કોઈ બોલે જ નહીં ને ! કંઈ મારું નામ રહે એવી અમારે ભાવના જ નહીં ને ! આ તો હું કહી દઉં ને, મારામાં બરકત નથી રહી !

આ 'દાદા ભગવાન' ફરી નહીં મળે, આવા પ્યૉર ભગવાન ! કારણ કે બીજા ભગવાન તો એવું કહે, 'હું પોતે જ ભગવાન છું અને હું જ આનો કર્તા-હર્તા છું' પણ હું તો એવું કહેતો જ નથી ને ?

**પ્રશ્નકર્તા :** ના, ના.

**દાદાશ્રી :** જે છે એને કહું છું કે આ હંડ્રેડ પરસેન્ટ ભગવાન છે. બીજા કોઈ ભગવાનનું ખોટું નથી. તદ્દન સાચી વાત છે, પણ એ પોતાને 'ભગવાન' કહે છે એટલે આપણને એટલો પૂર્ણ લાભ મળે નહીં. અને આ તો શું આશ્ચર્ય થાય, એ કહેવાય નહીં !

દાદા ભગવાન તેથી જ બધાને દેખાય છે ને, નહીં તો દાદા ભગવાન દેખાય જ નહીં ને ! ચોવીસેય કલાક દાદા ભગવાન ખ્યાલમાં રહે છે, શાથી ? બીજા કોઈ રહેલા નહીં અત્યાર સુધીમાં. બધાનું સ્મરણ કરવું પડે, આ એની મેળે આવે. આ તો વિસ્મરણ જ ના થાય અને પેલું સ્મરણ તો યાદ કરવાનું.

**પ્રશ્નકર્તા :** આ તો એની મેળે જ ચાલુ થઈ જાય.

**દાદાશ્રી :** એની મેળે જ ચાલે. લોક કહે છે ને કે 'આ શી અજાયબી છે, અમે ના કહીએ તોય એ ખ્યાલમાં જ રહે છે !'

## પ્યૉર જ બને ભગવાનના પ્રતિનિધિ

આ 'વર્લ્ડ' જ આપણી માલિકીનું છે, પણ સત્તા પ્રાપ્ત થતી નથી. એ તો જેટલું જેટલું ચોખ્ખું થતું જાય તેટલી તેટલી સત્તા પ્રાપ્ત થાય.

ભગવાનના પ્રતિનિધિ ક્યારે કહેવાય ? જ્ઞાન ચોખ્ખું રહે. જેને સ્ત્રીની ભૂખ નથી, સ્ત્રીના વિચાર સરખા ના આવે. લક્ષ્મીની ભીખ નથી, લક્ષ્મીને અડે પણ નહીં. સોનું, લક્ષ્મી, કોઈ પણ ચીજને અડે નહીં. માનની ભીખ ના વધે. કીર્તિની ભીખ ના હોય. અપમાન કરે તો આશીર્વાદ આપે ત્યારે એ ભગવાન પોતાનું પ્રતિનિધિત્વપણું આપે. પોતાની સત્તા એમને આપે. એવી સત્તા હાથમાં છે અમારે. કેવી

સત્તા ? સર્વ સત્તાધીશ ! કારણ કે અમને ભીખ કોઈ જાતની રહી નથી. અને ભીખ હોય તો શું હોય ? એમાં જ રાચેલો છે. અને છેવટે ભીખ જ કાઢવાની છે ને ! આ માન ને અપમાન એ બધી પુદ્‌ગલની ભીખો છે. તમારે છે થોડી-થોડી ભીખ હજુ ? ભીખ નથી ખાસ હવે ?

**પ્રશ્નકર્તા :** પણ દાદા, વ્યવહાર પડેલો છે ફાઈલોનો.

**દાદાશ્રી :** હજુ વ્યવહાર ચૂકતે કરવો પડશે ને ! અમે તો વ્યવહારે ચૂકતે કરીને બેઠા. સામાને દુઃખ ના થાય એવો વ્યવહાર રાખીએ, એ વ્યવહાર શુદ્ધિ કહેવાય. આપણને દુઃખ થયું હોય તે ખમી ખાવાનું, પણ સામાને ન જ થવું જોઈએ.

## પ્યૉરિટીથી પમાય પરમાત્મા પદ

**પ્રશ્નકર્તા :** દાદા, પણ હવે દૃઢ નિશ્ચય કર્યો છે કે કાઢવું જ છે કપટ.

**દાદાશ્રી :** મોક્ષે જવું હશે તો બધું ચોખ્ખું કરવું પડશે. બિલકુલ પ્યૉર ! નહીં તો મોક્ષે જવાય નહીં ને ! ઈમ્પ્યૉર ચાલે નહીં ત્યાં આગળ. અને મારી જોડે ઘણા પ્યૉર થઈ ગયા લોકો. તમેય પ્યૉર થવા માંડ્યા છો ને, નહીં ? પ્યૉર થઈને પરમાત્મા થવાનું છે. તમે જે છો એ થવાનું છે. થવાશે ને ?

**પ્રશ્નકર્તા :** તમારી જ કૃપા છે પાછળ. દાદા, એ એકદમ પ્યૉર થતા કેટલો વખત લાગે ?

**દાદાશ્રી :** અમારા આશીર્વાદ મળે તો કશું વખત જ ના લાગે.

**પ્રશ્નકર્તા :** દાદા, આપી દો આશીર્વાદ.

**દાદાશ્રી :** એ તો આપેલા છે. એ એવું માગીને ના લેવાય, એ તો અમે આપીએ. અમે હૃદય ખુશ થઈ જાય એટલે આપી દઈએ. એ કંઈ ભીખ માગવાની ના હોય એની.

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીનો રાજીપો મેળવવો બહુ અઘરો, દાદા.

**દાદાશ્રી :** ભીખ માગવાથી કામ ના ચાલે. પ્યૉર બનો, પ્યૉર !

આ દાદા હજારો માણસોને નિરંતર યાદ રહે છે, ચોવીસેય કલાક યાદ રહે, ત્યારે કેવા પ્યૉર થયેલા હશે ! જેટલો પ્યૉર એટલો એમ ને એમ યાદ રહ્યા કરે, યાદ કરવા ના પડે. પ્યૉર થવાની જરૂર છે. તો બધો કચરો નીકળી જાય. અને મોક્ષ એટલે સંપૂર્ણ પ્યૉર ! પરમાત્મા પ્યૉર જ છે. ઈમ્પ્યૉર એ જીવ ને પરમાત્મા એ પ્યૉર.

## પૂર્ણપદ માટે ખપે પોતાની ગરજ

**પ્રશ્નકર્તા :** મહાત્માઓએ શું ગરજ રાખવી જોઈએ, પૂર્ણપદ માટે ?

**દાદાશ્રી :** જેટલું બને એટલું દાદાની પાસે જીવન કાઢવું એ જ ગરજ, બીજી કોઈ ગરજ નહીં. રાત-દહાડો, ગમે ત્યાં પણ દાદાની પાસે ને પાસે રહેવું. એમની વીસીનીટીમાં (દૃષ્ટિ પડે એમ) રહેવું.

**પ્રશ્નકર્તા :** વિશેષ જાગૃતિ વધે એનો ઉપાય શું ?

**દાદાશ્રી :** એ તો આ સત્સંગમાં પડ્યા રહેવું તે. જેટલી પ્યૉરિટી એટલી જાગૃતિ.

**પ્રશ્નકર્તા :** આપની પાસે છ મહિના બેસે ત્યારે એનું સ્થૂળ પરિવર્તન થાય, પછી સૂક્ષ્મમાં ફેરફાર થાય, એવું કહો છો.

**દાદાશ્રી :** હા, ખાલી બેસવાથી જ ફેરફાર થયા કરે.

**પ્રશ્નકર્તા :** સ્થૂળ પરિવર્તન એટલે શું ?

**દાદાશ્રી :** સ્થૂળ પરિવર્તન એટલે એને બહારના ભાગની મુશ્કેલીઓ બધી ઊડી ગઈ, અંદરની રહી ફક્ત ! પછી ફરી જો એટલો સત્સંગ થાય તો

અંદરનીય મુશ્કેલીઓ ઊડી જાય. બેઉ ખલાસ થઈ ગયું, તો સંપૂર્ણ થઈ ગયો. એટલે આ પરિચય કરવો જોઈએ. બે કલાક, ત્રણ કલાક, પાંચ કલાક, જેટલા જમે કર્યા એટલો લાભ. લોકો જ્ઞાન મળ્યા પછી એમ સમજી જાય છે કે હવે આપણે કામ તો કંઈ રહ્યું જ નહીં ! પણ હજુ પરિવર્તન તો થયું જ નથી !

## આજ્ઞાથી થાય ઝડપી પ્રગતિ

**પ્રશ્નકર્તા :** આપણે જ્ઞાન પામ્યા પછી જે આપણી પ્રગતિ થાય મહાત્માઓની, તે પ્રગતિની સ્પીડ શેના ઉપર આધાર રાખે છે ? શું કરે તો ઝડપી પ્રગતિ થાય ?

**દાદાશ્રી :** પાંચ આજ્ઞાઓ પાળે તો બધું ઝડપી ને પાંચ આજ્ઞા જ એનું કારણ છે. પાંચ આજ્ઞા પાળે એટલે આવરણ તૂટતું જાય ને શક્તિઓ પ્રગટ થતી જાય. તે અવ્યક્ત શક્તિ છે, એ વ્યક્ત થતી જાય. પાંચ આજ્ઞા પાળવાથી ઐશ્વર્ય વ્યક્ત થાય. બધી જાત જાતની શક્તિઓ પ્રગટ થાય. આજ્ઞા પાળવા ઉપર આધાર છે.

અમારી આજ્ઞાને સિન્સીયર રહેવું એ તો મોટામાં મોટો મુખ્ય ગુણ કહેવાય. અમારી આજ્ઞાથી જે અબુધ થયા તે અમારા જેવો જ થઈ જાય ! પણ જ્યાં સુધી આજ્ઞા સેવે છે, ત્યાં સુધી આજ્ઞામાં ફેરફાર ના થવો જોઈએ, તો વાંધો ના આવે.

જ્ઞાનથી આજ્ઞા પાળે એટલે બધે પરિણામ પામેલું હોય અને બુદ્ધિથી આજ્ઞા પાળે એટલે પરિણામ પામે નહીં કશું !

## નિરંતર સ્વભાવ જાગૃતિ

**પ્રશ્નકર્તા :** જ્યારે જુઓ ત્યારે આપ એવા ને એવા જ લાગો છો. ફેર નથી લાગતો એ શું છે ?

**દાદાશ્રી :** આ કંઈ ફૂલ છે કે કરમાય ? આ તો મહીં પરમાત્મા પ્રગટ થઈને બેઠા છે ! નહીં તો ખખડી ગયેલા દેખાય ! જ્યાં પરભાવનો ક્ષય થયો છે, નિરંતર સ્વભાવ જાગૃતિ રહે છે, પરભાવ પ્રત્યે જેને કિંચિત્‌માત્ર રુચિ રહી નથી, એક અણુ-પરમાણુ જેટલી રુચિ રહી નથી, પછી એને શું જોઈએ ?

પરભાવના ક્ષયથી ઔર આનંદ અનુભવાય છે. તમે એ ક્ષય ભણી દૃષ્ટિ રાખજો. જેટલો પરભાવ ક્ષય થયો એટલો સ્વભાવમાં સ્થિત થયો. બસ, આટલું જ સમજવા જેવું છે, બીજું કશું કરવા જેવું નથી.

લોક કહે છે કે શું 'દાદા'ની ખુમારી છે ! હવે ખુમારી તો અજ્ઞાનતામાં હોય. પણ આય એક ખુમારી છે ને, કે જે ખુમારી બદલાય જ નહીં કોઈ દહાડોય, એક સેકન્ડેય બદલાય નહીં. એવા ને એવા, જ્યારે જુઓ ત્યારે એવા ને એવા જ ! સંજોગો બધા બદલાય. પણ 'દાદા' બદલાય નહીં ને ! અને આપણેય છેવટે એમના જેવા જ થવાનું છે. આપણો ધ્યેય એ જ હોવો જોઈએ.

## પોતાની સ્વચ્છતા એટલે...

આ દુનિયામાં જેટલી સ્વચ્છતા તમારી એટલી દુનિયા તમારી ! તમે માલિક આ દુનિયાના ! હું આ દેહનો માલિક છવ્વીસ વર્ષથી થયો નથી, તેથી અમારી સ્વચ્છતા પૂરેપૂરી હોય ! માટે સ્વચ્છ થાવ, સ્વચ્છ !

**પ્રશ્નકર્તા :** સ્વચ્છતાનો ખુલાસો કરો.

**દાદાશ્રી :** સ્વચ્છતા એટલે આ દુનિયાની કોઈ ચીજની જરૂર ના હોય જેને, ભિખારીપણું જ ના હોય !

આ તો બધી દુનિયામાં ખાલી ઈફેક્ટ્સ (અસરો) જ છે. દુનિયામાં દુઃખ જેવી વસ્તુ જ નથી, ખાલી 'રોંગ બિલીફ' છે. છતાં સામો સાચું માને છે એ એમની દૃષ્ટિ છે, પણ આપણને એની અસર ના થવી જોઈએ. આપણે ચોખ્ખા થઈ જવું જોઈએ. આપણે ચોખ્ખા થયા એટલે બીજું બધું ચોખ્ખું થયા વગર રહેતું નથી.

### માત્ર પ્યૉર દર્શનથી જગકલ્યાણ

આપણે ત્યાં બધો ચોખ્ખો, પ્યૉર, ક્રીમ છે માલ ! એ માલની વાત જ જુદી છે !

**પ્રશ્નકર્તા :** જો એ માલ એવો હોય તો દાદાનો અંદરનો માલ કેવો હશે ? એની તો કંઈ વાત જ થાય નહીં !

**દાદાશ્રી :** એ અજાયબ જ માલ છે ને ! પ્યૉર, નવસો નવ્વાણુ નહીં, થાઉસન્ડ એ થાઉસન્ડ.

**પ્રશ્નકર્તા :** એટલે આ દાદા ભગવાન ને એ.એમ.પટેલ બન્ને જુદા જ રહેવાના ?

**દાદાશ્રી :** હા, જુદા જ.

**પ્રશ્નકર્તા :** એ બુદ્ધિ તો છે જ નહીં, પ્રજ્ઞાથી જ કામ લે છે.

**દાદાશ્રી :** બરાબર છે. મન કામ કરતું નથી, બુદ્ધિ કામ કરતી નથી.

**પ્રશ્નકર્તા :** તો દાદા આ આખા બ્રહ્માંડમાં વિધિઓ કરે છે, પોતાના મહાત્માઓ માટે, જે કંઈ જગત કલ્યાણ માટે દાદા ભાવ ભરી આવ્યા છે કે જગતના જીવોનું કલ્યાણ થાવ, એ જે ભાવ કરતા હશે, એ ભાવ એ.એમ.પટેલ કરે છે કે દાદા ભગવાન કરે છે ?

**દાદાશ્રી :** એ તો એ.એમ.પટેલ. મન-બન નહીં, મનનું કંઈ કામ જ નહીં. દર્શન, દેખાય શું શું કરવાનું તે ! ભાવ નહીં, એ દેખાય, દર્શન ! અમને યાદ નહીં, નામેય એનું યાદ નહીં. દર્શન પ્રમાણે જ બધું આ ક્રિયા થયા કરે.

### જગત કલ્યાણાર્થે ખપે માત્ર પ્યૉરિટી

**પ્રશ્નકર્તા :** જગત કલ્યાણ માટે (પ્યૉર વ્યક્તિનું) શું મહત્વ છે ?

**દાદાશ્રી :** એની હાજરી જ જગતનું કલ્યાણ કરે. હાજરી જ, પ્રેઝન્સથી જ. જગતનું કલ્યાણ થવાનું હોય ત્યારે એ હાજર થાય.

કલ્યાણ કરવામાં એક જ વસ્તુ છે કે જે પોતાનું કલ્યાણ કરે છે તે બીજાનું કલ્યાણ વગર બોલ્યે કરી શકે છે ! એટલે કરવાનું કેટલું છે ? 'જ્ઞાની પુરુષ'ની પાસે પોતાનું કલ્યાણ કરી લેવાનું છે. પછી પોતે કલ્યાણસ્વરૂપ થયો એટલે વગર બોલ્યે લોકોનું કલ્યાણ થાય છે અને જે લોકો બોલ બોલ કરે છે એમાં કશું વળતું નથી. ખાલી ભાષણો કરવાથી, બોલ બોલ કરવાથી કશું વળતું નથી. બોલવાથી તો બુદ્ધિ ઈમોશનલ થાય છે. એમ ને એમ જ એમનું ચારિત્ર જોવાથી, એ મૂર્તિ જોવાથી જ બધા ભાવ શમી જાય છે. માટે એમણે તો ફક્ત પોતે જ તે રૂપ થઈ જવા જેવું છે. 'જ્ઞાની પુરુષ'ની પાસે રહી તે રૂપ થવું. આવા પાંચ જ તૈયાર થાય તો કેટલાય લોકોનું તે કલ્યાણ કરે ! સાવ નિર્મળ થવું જોઈએ. 'જ્ઞાની પુરુષ'ની પાસે નિર્મળ થઈ શકે અને નિર્મળ થવાના છે.

જેમ અહીંયા આગળ ઊનાળાના દહાડે પેલી બાજુ બરફ પડ્યો હોય, બારણા આગળ અને આપણે આ દરવાજાથી બધા પેઠાં હોઈએ પણ ઠંડો પવન આવે. એટલે બરફનો પવન તો અંધારામાં આવે ને, તોય ખબર પડે કે આટલામાં બરફ છે. એ હાજરી જ કામ કરે છે.

અમારી હાજરીમાં જરાય ઊંઘ ના આવે કોઈને. કશી ખામી નહીં આવવી જોઈએ. નિરંતર વિનય રહેવો જોઈએ. મારી હાજરીમાં આંખ મિંચાય એ ચાલે નહીં અને અપવિત્રતા તો બિલકુલ ચાલે નહીં. અહીં બિલકુલ પવિત્ર પુરુષોનું કામ, પવિત્રતા હોય તો ત્યાં ભગવાન આઘાપાછા થાય નહીં.

### પૂર્ણાહુતિ માટે પ્યૉર બનો

**પ્રશ્નકર્તા :** આપની હાજરીમાં આ બધું

એકદમ ચોખ્ખું થઈ જાય એવા બધાને આશીર્વાદ આપજો.

**દાદાશ્રી :** આશીર્વાદ અમે એવા આપીએ છીએ, પણ આ ચોખ્ખું કરે તો ને !

**પ્રશ્નકર્તા :** ચોખ્ખું કરી નાખીશું.

**દાદાશ્રી :** આપણે તો આપણું કામ કાઢી લેવાનું છે. આની પૂર્ણાહુતિ માટે જ શરીર ઘસી નાખવાનું છે. ગમે તેવા સંજોગો ભેગા થાય છતાં સ્થિરતા ના તૂટે, ધ્યેય ના બદલાય એ ધર્મ પામ્યો કહેવાય. આ તો લોકો આબરૂ રાખવા માટે સારા રહે છે કે પછી અવળા પાટાના સંજોગ ભેગા ના થાય, એટલે સારા રહ્યા ! આપણો ધ્યેય 'શુદ્ધાત્મા' ને મોક્ષ, એટલે બીજું કશું અડે જ નહીં. પરપરિણતિ અડે જ નહીં. અત્યારે તમે આખો દહાડો પરપરિણતિમાં રહો છો ને મોક્ષ ખોળો છો ? મોક્ષે જવું હોય તો એ એક જ ધ્યેય જોઈએ.

### હવે પ્યૉર થવામાં ઢીલાશ ના રાખવી

**પ્રશ્નકર્તા :** જિંદગીમાં વરસો ઓછા ને રસ્તો લાંબો પણ આ અક્રમ વસ્તુ મળી ગઈ, તે બહુ ઉલ્લાસ આવે છે !

**દાદાશ્રી :** એવું છે ને, આવું કોઈ વખત બનતું નથી ને બન્યું તો આપણું કામ કાઢી લેવાનું છે. ઉલ્લાસ તો આવે જ ને ! મને આ જ્ઞાન પ્રગટ થયું ત્યારે મને પણ ઉલ્લાસ આવ્યો કે આવું અજાયબ જ્ઞાન ! ગજબની સિદ્ધિઓ ઉત્પન્ન થઈ છે !

આપણે હવે આપણા રસ્તે ધ્યેય પ્રમાણે જવાનું, આ બીજે રસ્તે જવાનું નહીં. જાય તો 'આમ હેંડ' કહીએ. ધ્યેય તોડાવડાવે એ આપણા દુશ્મન. આપણો ધ્યેય નુકસાન કરાવે એ કેમ પોષાય ?

બીજો બહારનો રોગ પેસી ના જાય કે 'લાવ, હું પાંચ જણને સત્સંગ સંભળાવું કે એવું તેવું.' એની કાળજી રાખવાની. નહીં તો એય પાછા બીજા નવી જાતના રોગ પેસી જાય અને કંઈના કંઈ રસ્તે ચઢી જાય, તો પછી શું થાય ? કોઈ બચાવનાર મળે નહીં. માટે આપણે મોક્ષે જવું હોય તો આ 'વાત કરવા'માં પડશો નહીં. કોઈ કશું પૂછે તો કહેવું કે 'હું ના જાણું.' આ તો અમે આ ભયસ્થાનો બધા બતાડી દઈએ. ભયસ્થાનો ના બતાવીએ ને, તો ઊંધું થઈ જાય. પછી પોતાના ધ્યેયમાં 'ટી.બી.' જ થાય ને ! સડો જ પેસવા માંડે ને !

અહીં તો પોતાનું મન એટલું મજબૂત કરી લેવાનું છે, કે આ ભવમાં જે થાય, ભલે દેહ જાય પણ આ ભવમાં કંઈક 'કામ' કરી લઉં, એવું નક્કી કરી રાખવું જોઈએ. એટલે એની મેળે કામ થશે જ. આપણે આપણું નક્કી કરી રાખવું જોઈએ. આપણી ઢીલાશ ના રાખવી. આવું પ્રાપ્ત હોય ત્યારે ઢીલાશ ના રાખવી.

પોતાની પાસે અધિકાર શો છે ? '(પ્યૉર) ભાવ' કે આટલું મારે કરી લેવું છે એ નિશ્ચય, એ પોતાનો અધિકાર વાપરવો.

હવે તો એક પળ ગુમાવવા જેવી નથી. આવો અવસર ફરી ફરી નહીં આવે !

**- જય સચ્ચિદાનંદ**

---

<u>**વિશેષ નિવેદન**</u>

**કોરોના વાયરસ મહામારીના કારણે વર્તમાન પરિસ્થિતિમાં સરકારી નિર્દેશોનું પાલન કરી પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગો મુલતવી કરી દેવામાં આવ્યા છે. જે ભવિષ્યમાં પરિસ્થિતિ સામાન્ય થયા બાદ જ્યારે પણ સરકાર દ્વારા ધાર્મિક કાર્યક્રમો કરવા માટે મંજૂરી અપાશે, તે પછી યોજવામાં આવશે.**



# પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર



## ભારત

**'દૂરદર્શન'- નેશનલ** પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦

**'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हर रोज सुबह 7 से 8 (हिन्दी में)

**'उड़ीसा प्लस'** टीवी पर हर रोज सुबह 7-30 से 8 (हिन्दी में)

**'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज सुबह 7 से 7-30 तथा सोम से शुक्र शाम 5-30 से 6 (मराठी में)

**'दूरदर्शन'-चंदना** पर सोम से शुक्र सुबह 11-30 से 12 (कन्नड़ में)

**'दूरदर्शन'-मध्यप्रदेश** पर हर रोज रात 10 से 11 (हिन्दी में)

**'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦; બપોરે ૨ થી ૨-૩૦; રાત્રે ૧૦ થી ૧૦-૩૦

**'અરિહંત'ચેનલ** પર દરરોજ સવારે ૩-૩૦ થી ૪-૩૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯

## USA - Canada

**'TV Asia'**- પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST

**'Rishtey'** पर हर रोज सुबह 7 से 7-30 तथा 8 से 8-30 EST (हिन्दी में)

## U K

**'વીનસ'** ટીવી પર દરરોજ સવારે ૮ થી ૯ GMT

**'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT

**'MA TV'** पर हर रोज रात 9-30 से 10-30 GMT (हिन्दी में)

**'Rishtey'** पर हर रोज सुबह 7 से 7-30 Western European Time (6 to 6-30am GMT)

## USA-UK-Africa-Australia

**'આસ્થા'** પર સોમ થી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

## Australia

**'Rishtey'** पर हर रोज सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

## Fiji-NZ-Singapore-SA-UAE

**'Rishtey'** पर हर रोज सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

જુલાઈ ૨૦૨૦
વર્ષ-૨૫, અંક-૧૧
સળંગ અંક-૨૯૯

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/037/2018-20
Valid up to 31-12-2020
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## 'દાદા' કહેતાં જ દાદા હાજર

જો આ કર્મો ખપાવેલા હોત ને આ જ્ઞાન મળે તો એક કલાકમાં જ એનું કામ પૂર્ણ થઈ જાય. પણ આ તો કર્મ ખપાવેલા નથી, રસ્તે જતાંને જ્ઞાન આપ્યું છે. એટલે મહીં કર્મના ઉદય ફરે છે ત્યારે બુદ્ધિનું અજવાળું ફેરવી દે છે, તે ઘડીએ ગૂંચાય. હવે ગૂંચાય ત્યારે 'દાદા' 'દાદા' કર્યા કરવું ને કહીએ, 'આ લશ્કર ગૂંચવવા આવ્યું છે.' કારણ કે હજુ એવા ગૂંચવનારા મહીં બેઠા છે, માટે ચેતતા રહેજો. અને તે વખતે 'જ્ઞાની પુરુષ'નો આશરો જબરજસ્ત રાખજો. મુશ્કેલી તો કઈ ઘડીએ આવે તે કહેવાય નહીં, પણ તે ઘડીએ 'દાદા'ની સહાય માગજો, સાંકળ ખેંચજો તો 'દાદા' હાજર થઈ જશે.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૪૪ ખાતે છાપી પ્રકાશિત કર્યું.